૨૫૦ ૩૦
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર કૃત

સતી



૯૪ગ / ૨૧

અનુવાદક.

નગીનદાસ પારેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

Gurukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 68 ग/29
पञ्जिका-संख्या .. 29.32

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्थाक प्रमाणीकरण १९८४-१९८[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતી

[શ્રી રવીન્દ્રનાથનાં પાંચ સંવાદ-કાવ્યો]

मुक्ति: 68 ग/29
आगत 2.7036
तिथि...................
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

અનુવાદક
નગીનદાસ પારેખ

CHECKED 1973
Initial

કમલ પ્રકાશન મંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
ગોવિંદરાવ ભાગવત
કમલ પ્રકાશન મંદિર
કોચરબનો પહેલો ઢાળ, અમદાવાદ

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

નિવેદન

આ પુસ્તક સાથે કિશોર ગ્રંથમાળાનું પહેલું વર્ષ પૂરું થાય છે. આવતે વર્ષે વિષયનું વૈવિધ્ય જાળવી આ જ લવાજમમાં આ વરસ કરતાં પચાસ પાનાં વધારે આપવા ધાર્યું છે. આશા રાખીએ છીએ કે ગ્રાહકો પોતાનો સહકાર ચાલુ રાખશે.

—પ્રકાશક

કિંમત ૧-૪-૦

આવૃત્તિ પહેલી, મે ૧૯૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય ભાઈ શ્રી રમણલાલ સોનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રક

૨૦	નીચેથી ૩	સુરાંગનાઓના	સુરાંગનાઓનાં
૨૧	૭	ષ્પમાં	પુષ્પમાં
,,	૧૦	ફર્યા કરે છે	ફર્યાં કરે છે
૨૭	૬	બધામાંએવું	બધામાં એવું
,,	,,	એવીકોઇ	એવી કોઇ
,,	નીચેથી ૨	સખા જાણું છું,	સખા, જાણું છું
૨૮	૧૦	ઊઠયોછે	ઊઠયો છે
,,	,,	હાલેને	હાલે ને
૩૬	૬	આગળનીઆડખીલી	આગળની આડખીલી
૪૧	૫	અગ્નિહોત્ર.	અગ્નિહોત્ર
,,	નીચેથી ૬	હુકાર	હુંકાર
૪૮	૫	ગધારીના	ગાંધારીના
૬૬	નીચેથી ૧૦	નર્વિકાર	નિર્વિકાર
૬૮	૧૦	ધર્મરાજ જાગે	ધર્મરાજ જાગે,
૭૦	નીચેથી ૪	ઝાકળ	ઝાકળ.
૭૩	,, ૧૨	હે ભગવત	હે ભગવન,
૭૪	,, ૨	પ્રવેશ કર્યો	પ્રવેશ કર્યો.
૭૭	૧૦	વિહ્નદાહ	વહ્નિદાહ
૮૨	છેલ્લી	અજુનની	અર્જુનની
૮૫	૧૧	પર્શે છે.	સ્પર્શે છે.
૮૬	છેલ્લી	રહ્યા છે ત્યાં	રહ્યા છે ત્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયનું ધર્મદર્શન

કવિવર રવીન્દ્રનાથનાં પાંચ સંવાદ-કાવ્યોનો આ ગદ્યાનુવાદ છે. કલાકૃતિઓ તરીકે આ પાંચે રચનાઓનું સૌંદર્ય અનવદ્ય છે, પણ આપણા દેશની સાહિત્યધારામાં શ્રી રવીન્દ્રનાથનું મહત્ત્વ છે તે તો મનુષ્યહૃદયમાં ક્યાંક પડેલો શાશ્વત શાતા અને મુદિતાનો કોષ છે તેને પોતાની વાણીથી એ ઉઘાડી આપે છે, એને લીધે છે. પ્રાચીન ક્રાંતદર્શી ઋષિકવિઓની જેમ રવીન્દ્રનાથની કાવ્યવાણીમાં ધર્મનું અપ્રતિમ મહત્ત્વ છે. આ પાંચે કાવ્યો દ્વારા, હીરાના બધા પાસાઓ દ્વારા એનું તેજ ઝલમલ થાય એમ, કવિનું ધર્મદર્શન પ્રકાશી રહ્યું છે. રવીન્દ્રનાથે આ પ્રકારનાં પાંચ જ કાવ્યો લખ્યાં છે, પણ એ પાંચમાં તો એમની પ્રધાન હૃદયરિદ્ધિનો આપણને પરિચય થાય છે.

મૂળમાં પાંચે કૃતિઓ પ્રવાહી પયાર છંદમાં છે. અનુવાદ પદ્યને બદલે ગદ્યમાં છે એથી એનું કાવ્યત્વ જતું રહેતું નથી, કવિની વાણીના વેગમાં તરત જ આપણે તણાવા માંડીએ છીએ. ક્યારેક પદ્યાનુવાદ કરવા જતાં કાંઈ રહી જાય છે તો કાંઈ ઉમેરાઈ જાય છે અને મૂળની પ્રાંજલતાનો પડછાયો પણ માંડ જોયો જડે છે. સાવધપણે કરેલા ગદ્યાનુવાદ ઘણી વાર મૂળની વધુ સમીપ લઈ જનારા નીવડે છે. નિષ્ઠાપૂર્વક કરેલો આ ગદ્યાનુવાદ એક છંદ સિવાય કવિની વાણીની બધી જ શ્રી વહી લાવવાના સુભગ પ્રયત્નરૂપે ખરે જ તૃપ્તિકર છે. ઉક્તિઓનો મોટેથી પાઠ કરવાથી કવિની વાણીની ભૂરકીનો પરિચય થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યો સંવાદરૂપે લખાયાં છે. એટલે પાત્રોના સંભાષણ દ્વારા પ્રસંગનું આલેખન કરવાનો ઉપક્રમ છે, રૂપકની — એકાંકી નાટકની — કોટિએ એને પહોંચાડવાનો આશય જણાતો નથી. ' વિદાય — અભિ૰શાપ ' અને ' કર્ણ — કુન્તી ' સાદા સંવાદો માત્ર છે, ' ગાંધારીનું આવેદન ' લંબાઈ અને પાત્રબાહુલ્ય છતાં સંવાદથી જવલ્લે જ આગળ વધે છે. ' નરકવાસ 'માં કંઈક અને ' સતી 'માં સારું એવું રૂપક — એકાંકી નાટક — નું સ્વરૂપ વરતાય છે. પણ નાટક આપવાની કવિની પ્રતિજ્ઞા જ જણાતી નથી. માત્ર, એમનું હૃદયગત પાત્ર-સંભાષણ દ્વારા પ્રસંગાલેખન કરવાથી, ત્રેવડપૂર્વક અને સચોટપણે રજૂ થઈ શકે એમ હોઈ એવો કાવ્ય પ્રકાર એમણે પસંદ કર્યો છે.

પાત્રસંભાષણ દ્વારા પ્રસંગાલેખન કરવા જતાં નાટ્યકલાનો કેટલોક લાભ તો મળી રહે જ. લાઘવનો અને વેધકતાનો લાભ એ સૌથી મોટો છે. આવી રચનાઓમાં સામાન્ય પદ્ધતિ એ હોય છે કે પાત્રોના જીવનની સો સુધીની વાત કહેવી હોય તો સત્તાણું કે અઠ્ઠાણુંથી તે શરૂ કરવામાં આવે છે અને ત્યાંથી સો સુધી પહોંચતાં પહોંચતાં પાછલી એકથી સત્તાણું કે અઠ્ઠાણું સુધીની વાત સ્પષ્ટ ઇતિહાસકથન પ્રાસંગિક સૂચન અને અનેક ઇંગિત, ધ્વનિ આદિ દ્વારા કહેવાય છે. જ્યાંથી વાત શરૂ થાય છે તે ક્ષણ પાત્રોના જીવનમાં એવી કટોકટીની હોય છે કે એમનો આખોયે ભૂતકાળ એ વર્તમાન ક્ષણ બે ક્ષણ રૂપે આવીને સાક્ષાત્ થાય છે. એ ક્ષણે પાત્રોનાં હૃદય એવાં હલમલી ઊઠયાં હોય છે કે પાછલી વાત ઠંડે કલેજે કહેવાતી નથી. એ ક્ષણના એમના સ્વરનાં કંપનમાં એમની બધી પાછલી આપવીતી ગુંજી ઊઠતી હોય છે. અને જે બેક ડગલાં તેઓ સાથે ચાલે છે તેમાં સારાયે જીવનની ખેંચાતી આવતી પાછલી બાકીનો હિસાબ ચૂકતે થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિદાય અભિશાપ'માં શીર્ષક દર્શાવે છે તેમ વિદાયનો પ્રસંગ છે. સંજીવની વિદ્યા લેવા આવેલો કચ ગુરુકન્યા દેવયાનીની મદદથી વિદ્યા પામી સ્વર્ગમાં પાછો ફરે છે — દેવયાનીનો વિચાર કરવા પણ રોકાતો નથી — દેવયાની અનુનયના પ્રબળ આકર્ષણથી માંડ એવો વિચાર કરવા જરીક એને રોકે છે. એ વિદાયની ક્ષણુનો જ એ પ્રસંગ છે. નવ્વાણુંથી જ જાણે શરૂઆત થાય છે. 'કર્ણ કુન્તી'માં પણ એ જ રીતે છે. તેમાં તો વિદાયની એ એક ક્ષણ એ જ બંનેના મિલનની પણ એકમાત્ર ક્ષણ છે એટલે એની વેદના દ્વિગુણિત બને છે. 'ગાંધારીનું આવેદન' એ વનવાસ જતાં પાંડવો અને દ્રૌપદીની વિદાયની જરીક પહેલાં શરૂ થાય છે. 'સતી' અને 'નરકવાસ' પણ એ જ રીતે, કહો કે સત્તાણુંથી શરૂ થાય છે. માત્ર, 'સતી'માં ઇસ્લામીને. વરેલી, બળજબરીથી અગ્નિને અર્પણ થતી, અમાબાઈની આખરી વિદાયનો પ્રસંગ હોઈ આપણી આગળ રજૂ થયેલી એ ત્રણ ક્ષણો અત્યંત હૃદયસ્પર્શી બને છે અને 'નરકવાસ'માં તો એ ક્ષણોની મામિં-કતાની અવધિ છે, કેમ કે રાજા સોમક સ્વર્ગ પ્રત્યે વિદાય લેવાને બદલે પોતાના કુંવરનો હોમ કરનાર ઋત્વિકની સાથે નરકમાં સહવાસ સ્વીકારતો હોઈ એના ભાવિ સામે નજર માંડતાં આપણું ચિત્ત ધ્રૂજી ઊઠે છે.

આમ, કવિએ વિદાયપ્રસંગો પસંદ કર્યા હોઈ પાત્રોનાં એ વિદાયક્ષણોનાં સંભાષણોમાં હૃદયઘાતતાનું ઊંડું ઘેરું સંગીત બજી ઊઠે એ સહજ છે. તેમાં વળી રવીન્દ્રનાથની વાણી! કેવી ઊજળી . અને. અનોખી ઉપમાઓ દ્વારા એમની વાણી લક્ષ્ય પ્રતિ ધસે છે! એ ભાષાનો ચમત્કાર તરત હૃદયમાં વસે એવો છે એને વર્ણવવા બેસવું એ સોનાને રસવા જેવું છે. કચ વિદાય માગે છે પણ ઊભે પગે ચાલતાં ચાલતાં ગોધણ ચરાવતાં બળતા બપોરે જે વિસામો આપતો તે અતિથિવત્સલ વડ આવતાં દેવયાનીને તક મળે છે. 'જજો સખા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોપણ છેલ્લી વારનો પરિચિત તરુ નીચે થોડી ક્ષણ બેસ અને એ સ્નેહછાયાની વિદાય લઈને જા.' પોતાની સાથેનો પરિચય તો એને બેસાડી શકે એમ નથી, પોતાની સ્નેહછાયાનો તો અણસારો કરવાથી પણ એનું ગૌરવ તૂટે એટલે 'એ સ્નેહ છાયા'ની એ વાત કરે છે. તૂટું તૂટું થતા હૃદયની છતાં અપૂર્વ સંયમભરી — જરૂર પડ્યે છેલ્લો પાસો નાખવાની પળે ધૃષ્ટતા પણ દાખવતી — દેવયાનીની એ કરુણમધુર વાણીમાં કવિહૃદયની સમગ્ર કાંતિ જાણે ફેલાઈ રહી છે. સોમક અને ઋત્વિક વચ્ચે બાલકુમારની આહુતિનો જુગુપ્સાભર્યો પ્રસંગ વર્ણવાય છે તેને પ્રેતગણ પણ સહી શકતો નથી અને અટકાવે છે એ આખી વાતની કરુણતાને સહસા ઉઠાવ આપે છે. અને 'સતી'ની ઉક્તિઓના તેજસ્વી લાઘવ વિશે અહીં લંબાણ શું કરવું ?

સેઈન્ટ જોન અર્વિને એકાંકી નાટકની કલા ઉપરના પોતાના ગ્રંથમાં રવીન્દ્રનાથના 'ચિત્રાંગદા' નાટકના અંગ્રેજી રૂપાંતર 'ચિત્રા' ઉપરથી ટીકા કરી છે કે કવિને જે પ્રસંગ નિરૂપવાનો હોય છે તે અંગેની બધી જ વાચાગત શક્યતાઓનો નિઃશેષપણે તે લાભ લે છે અર્થાત્ એમની ઉક્તિઓ પ્રસંગનો કસ કાઢતી હોય એવી અને એથી શબ્દબહુલ બને છે. રવીન્દ્રનાથમાં, જેમ અનેક મહાકવિઓમાં, વાગ્મિતા (ર્‌હેટરિક)ની શક્તિ પણ ઊંચા પ્રકારની છે. ઊર્મિકાવ્યોમાં, ગદ્યમાં, નાટકોમાં અવારનવાર તે પ્રગટતી જોઈ પણ શકાય છે. પણ 'ચિત્રાંગદા' તેમજ આ પાંચ કૃતિઓમાં શબ્દબાહુલ્ય શોધવું મુશ્કેલ છે. કૃતિના પ્રત્યેક વાગ્-અવયવ દ્વારા કેન્દ્રવર્તી રસબિંદુનો પ્રકાશ જ દીપી ઊઠતો અનુભવાય છે. ત્રાત્ર, 'નરકવાસ'માં સોમક પુત્રનું ક્રંદન સાંભળી રાજસભામાંથી દોડી જાય છે ત્યારે વ્યગ્રતામાં ઋત્વિકને હડસેલીને જાય છે એ પૂરતું છે, છતાં તે પ્રસંગે એ 'પરરાષ્ટ્રમાંથી આવેલા રાજદૂતો સાથે સંભાષણ કર્યા વગર સામંતો અને રાજાઓને આસન આપ્યા વગર……' દોડી જાય છે, એવું વર્ણન કર્યું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં સેઇન્ટ જૉન અર્વિંને આરોપેલો નિઃશેષતાનો લોભ કાંઇક જોવા મળે છે.

દેવયાની, ગાંધારી, અસાબાઈ, કુન્તી, ધૃતરાષ્ટ્ર, સોમક, વિનાયક રાવ, એ બધાં જ પાત્રો જાણે એક જ ભાષામાં વાત કરતાં હોય એમ પણ લાગશે દરેકનો અવાજ નોખો પડતો નથી. પણ પાત્રોના આખા જીવનવિસ્તારને નિરૂપતાં નાટક હોત તો કદાચ બધા અવાજ જુદા પડત. દરેકના મર્મપ્રસંગનું એકાગ્રતાથી નિરૂપણ થયું હોઇ આ કૃતિઓનાં પાત્રોની ઉક્તિઓ ઉદાત્તતાની અમુક સપાટીથી નીચે ઊતરતી જ નથી. શેક્સ્પિયરનાં નાટકોના મર્મપ્રસંગોએ શું હૅમ્લેટની, શું લિયરની, શું ક્લિયોપેટ્રાની, શું ઓથેલોની, એ તમામ ઉક્તિઓ શેક્સ્પિયરની જ હૃદયલક્ષ્મીની મુદ્રા ધારણ કરે છે. કાંઇક એવું જ આ સૌ પાત્રોની વાણીનું પણ છે.

કવિએ જે મૂળ પુરાતન કથાઓ કાવ્ય વિષય તરીકે લીધી છે તેનો લાભ પૂરેપૂરો લીધો છે, જોકે દૃષ્ટિની રચનામાં એમની સ્વપ્રતિભાએ જ મુખ્ય ભાગ તો ભજવ્યો છે. 'કર્ણ–કુન્તી'માં કુન્તી જે રીતે કર્ણને પોતે એની માતા છે એનો ઘટસ્ફોટ કરે છે તેની સાથે વ્યાસ ભગવાનની રીત સરખાવવા જેવી છે; વ્યાસ ભગવાને બે સંવાદ આપ્યા છે. એક તો વિષ્ટિમાં નિષ્ફળ નીવડીને શ્રીકૃષ્ણ પાછા ફરતાં કર્ણને એના જન્મરહસ્યથી જ્ઞાત કરી પાંડવ–જ્યેષ્ઠ થવા વીનવે છે તે અને બીજો કૃષ્ણ વિદાય થયા પછી કુંતી અને કર્ણ વચ્ચેનો. એ બે સિવાય એક ત્રીજો સંવાદ મહાભારતકારે લખ્યો નથી પણ અંતરિયાળ અભિપ્રેત રાખ્યો છે તે કૃષ્ણ અને કુંતી વચ્ચે થયો હોવો જોઇએ. વિષ્ટિમાં નિષ્ફળ જતાં હવે યુદ્ધનિવારણના છેલ્લા એક ઉપાય તરીકે કર્ણને સમજાવવાનું શ્રીકૃષ્ણ કુંતીને સૂચવે છે. કુંતી કહે છે કે પોતે કયે મોંએ અત્યારે કર્ણને કહેવા જાય. મહાનુભાવ શ્રીકૃષ્ણ કુંતીને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલંકકથા કહેવામાંથી બચાવવા પોતે જતાં જતાં કર્ણને સમજાવશે એમ કહે છે. માત્ર પોતે નિષ્ફળ નીવડે — એટલે કે કર્ણ એમની જોડે ચાલ્યો ન ગયો હોય તો, કાંઈ નહિ તો પાંડવોના રક્ષણ અર્થે પણ કુંતીએ એક છેલ્લામાં છેલ્લા ઉપાય તરીકે કર્ણને મળવું એટલે કે જ્યારે કર્ણ અને કુંતી મળે છે ત્યારે કર્ણ પોતાનું જન્મરહસ્ય જાણતો હોય છે. એ જાણવા છતાં પોતે કૌરવોની સાથે રહ્યો છે એટલે કુંતીને જોતાં જ પોતાની સ્થિતિને સ્પષ્ટ કરતો ઉદ્દ્ગાર એના મોંમાંથી નીકળી જાય છે : राधेयोऽहम् आधिरथिः રાધાનો પુત્ર અધિરથસુત, હું તમને વંદન કરું છું. કુંતી, અંગારા ઉપર પગ પડતાંની સાથે આપણે પગ ઉપાડી લઈએ, એવા અનાયાસ કાર્ય (reflex)થી कौन्तेयोऽसि न राधेयो-' તું કુંતીજાયો છે, રાધાસુત નથી " એમ કહી મૂળ પ્રસ્તાવ ઉપર આવી જાય છે. અને તે જાણે કર્ણનો શબ્દદોષ સુધારતી હોય એમ લીલા માત્રથી. આરંભમાં જ આ રીતે બંનેએ પરસ્પરના સત્યને સાક્ષાત્ કરવાનું ન બન્યું હોત તો સંભવ છે કે આખી મુલાકાત દરમ્યાન કુંતી પોતાની કલંકકથાનો કેમેય પ્રસ્તાવ કરી શકત નહિ. વ્યાસ ભગવાને જે લાઘવ અને કટાક્ષથી આ પ્રસંગ નિરૂપ્યો છે તેનાં આવાં સમર્થ ઉદાહરણ સમગ્ર સાહિત્યસૃષ્ટિમાં બહુ નહિ જડે.

કવિવરે કર્ણ પોતાનું જન્મરહસ્ય જાણતો ન હોય એ રીતે એને કુંતી સાથે વાત કરતો નિરૂપ્યો છે. એથી એમની પ્રતિભાને કુંતીની કલંકકથા વધુમાં વધુ અનાઘાતક રીતે કેમ કહેવાય તેનો માર્ગ શોધવો રહે છે. તેમાં એમને ઠીક સફળતા પણ મળી છે અને તે મૂળમાં સૂર્ય કુંતીની વાતની કર્ણને સાક્ષી પુરાવે છે એવી વિગત છે તેનો લાભ લીધા સિવાય જ. ઊલટું, ' પહેલાં સૂર્યદેવને અસ્ત પામવા દે, સંધ્યાનો અંધકાર ગાઢો થવા દે, પછી તને કહું', એમ કહીને કુંતી પોતાની કલંકકથાથી સૂર્યને બચાવે છે, એમાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતનું સુકુમાર ઔચિત્ય છે. કુંતી કર્ણ પાસેથી પાંડવ રક્ષણાર્થે શર માગી લઈ જાય છે એ વિગત પણ ટાળી છે. કવિવરે મહાભારતના સંદર્ભમાંથી આ પ્રસંગને ઊંચકી લઇ કેવળ મા–ભૂખ્યા વત્સ અને કલંકિત માતા એ બે વચ્ચેના સંબંધને ઉઠાવ આપી માતૃસ્નેહ અને વીરધર્મનો સંઘર્ષ નિરૂપ્યો છે. ' માતા . . . રાધા મારી માતા છે.' એવા હૃદયને દ્વિધા કરતા ઉદ્ગારોથી કવિવરની રચના વેધક બની છે. આમ કવિવરની પ્રતિભાને જૂના માર્મિક પ્રસંગો વર્ણવવા એ જ અભિપ્રેત નથી, પોતાનું અભિનવ મૌલિક દર્શન તે દ્વારા પ્રગટ થઈ શકે એમ હોઇ તે તે પ્રસંગની વરણી થઇ છે. આરંભમાં જ કહ્યું તેમ એ દર્શન છે ધર્મદર્શન.

કર્ણ કહે છે : ' મારું પૌરુષ અને મારો ધર્મ, એ બે સિવાય જે કહેશો તે તમારે ચરણે ધરી દઈશ. ' કચ પણ અંતે રિબાઈને દેવયાનીને કહે છે : ' ધર્મ જાણે છે કે મેં પ્રતારણા કરી નથી. ' ગાંધારી ધૃતરાષ્ટ્રને ' ધર્મમાં જ ધર્મનો અંત છે. ' એ સત્ય સમજાવવા મથે છે. ' સતી 'માં વિનાયકરાવ ' હૃદયનો નિત્ય ધર્મ ' ઓળખે છે. અને ' નરકવાસ 'માં તો રાજા સોમકની ધર્મબુદ્ધિ સ્વયં ધર્મરાજ કરતાં પણ આગળ જાય છે.

આપણા સાહિત્યમાં ' ધર્મ ' જેવો મૂંઝવનારો શબ્દ ભાગ્યે જ કોઈ હશે. પણ તેનું કારણ એ છે કે ધર્મ વસ્તુ જ એવી છે. ધર્મ એટલે શું ! કવિવરને ધર્મ વિશે સીધો બોધ આપવો હોત તો તેઓ નિબંધ જ લખત. પણ પોતાને ધર્મવિષયક જે સૂઝ હતી — દર્શન હતું તેને તેઓ આ પાંચ કાવ્યમાં સાકાર કરે છે અને એ કાવ્યકૃતિઓના અનુશીલનથી જ આપણે પણ એ વિશે સૂઝ મેળવવી જોઇએ. તેમ છતાં, આ કાવ્યોના રહસ્યને વિશે વાત કરવી જ હોય તો એમ કહી શકાય કે કવિવરે ' નિત્યધર્મ ' અને ' ક્ષુદ્રધર્મ 'નો ભેદ કરી આપી નિત્યધર્મનો મહિમા કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્યધર્મ અને ક્ષુદ્રધર્મનો વિવેક કરવો દુર્ઘટ છે. ધર્મ એટલે ધારણ કરનાર તત્ત્વ. તે તુચ્છ અહમ્‌ને ધારણ કરનારું પણ હોય, વિરાટ સમષ્ટિને ધારણ કરનારું પણ હોય. એક રીતે જોઈએ તો સૌ કોઈ ધર્મની જ વાત કરતું હોય છે, અને પોતે ધર્મ ઉપર નિર્ભર છે એવી આત્મશ્રદ્ધાથી વર્તતું હોય તો છે. દુર્યોધનને સુખ ઇપ્સિત નથી. એને જય જોઈએ છે, કેમ કે રાજાઓને જયધર્મ બસ છે. ભાનુમતી આજે અલંકાર વિભૂષિત વિહરે છે, કાલે દ્રૌપદી કરતાંય વસમા દહાડા આવશે તો તેય વેઠવા પોતે તૈયાર છે, કેમકે ભાગ્યનો ઉપહાસ એ ક્ષાત્ર વીરાંગનાનો ધર્મ છે. રમાબાઈ પેટની દીકરીને બળાત્કારે અગ્નિશરણ કરાવે છે એ ધર્મના પાલન અર્થે જ. જીવાજીનો સેનાપતિ રમાબાઈના બોલ માથે ચડાવી એના પતિ વિનાયકરાવને બાંધવા સૈનિકોને કહે છે તે પણ પોતાનો ધર્મ જ બજાવી રહ્યો છે. પણ આ બધા જ પ્રસંગોને જોવાની કોઈ કસોટી કવિ આપણને આપતા હોય તો તે એ છે કે અહંદૃષ્ટિથી પળાતો ધર્મ તે ક્ષુદ્રધર્મ છે, સમષ્ટિની દૃષ્ટિથી પળાતો ધર્મ નિત્યધર્મ છે.

કચ દેવયાની સાથે રહીને અભિનવ સ્વર્ગ રચી શકત. પણ વિદ્યોપાર્જનની પ્રતિજ્ઞા પૂરી થતાં એ કહે છે : 'કોઈ સ્વાર્થની આજે મને કામના નથી.' પ્રતિજ્ઞા કે મનોજ્ઞા એ બે વચ્ચે પસંદગી કરવાની આવતાં સ્વાર્થને એટલે કે પોતાના હૃદયની લાગણીને ગળે ટૂંપો દઈ સમષ્ટિ દેવલોક–ગત્યેના કર્તવ્યની પ્રતિજ્ઞાનો પક્ષ કરે છે. દેવયાની પ્રત્યેના પોતાના પ્રેમનો ઘૂંટડો એ મનોમન સાક્ષીએ ગળી જાય છે : 'બોલ, ત્રણે લોકમાં કોઈનું યે જેનાથી ભલું થવાનું નથી, જે કેવળ માત્ર મારી એકલાની જ અંગત વાત છે, તે જાણવાથી તને શો લાભ થવાનો છે ? હું તને ચાહું છું કે નહિ, એ ચર્ચાથી આજે શો લાભ ?' એ તો એક જ વાત કહે છે કે 'બધા દેવોને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજીવની વિદ્યા અર્પીને નવું દૈવત્વ અર્પીશ...તે પહેલાં મારું સુખ હું કલ્પી શકતો નથી.'

કર્ણ પણ 'માતૃસ્નેહપાશ' કે 'રાજ્યલોભ'ને પાછા કાઢે છે: 'સૂતજનનીને છેહ દઈને આજે જો હું રાજજનનીને માતા કહું, કૌરવપતિ જોડે હું જે બંધનથી બંધાયેલો છું તેને તોડી નાખીને જો હું સિંહાસન ઉપર દોડી જાઉં તો મને ધિક્કાર છે.' આ સાંભળીને કુંતી કહે છે: 'પુત્ર, તું વીર છે: ધન્ય છે તને! હાય ધર્મ!' ધર્મની કેવી ગહન ગતિ છે. આશાહીન કર્મનો ઉદ્યમ માંડી બેઠેલાઓને સાથ આપવામાં કર્ણ ભાગ્યે જ ધર્મનો પરિપોષ કરી રહ્યો હોય, તેમ છતાં માતા આગળ સ્નેહવિવશ બન્યા વગર જયહીન પુરુષાર્થમાં અડગ રહેવાના એના નિશ્ચયમાં જરૂર વીરધર્મની ભવ્યતા છે. પાંડવો અંગે માતાને નિર્ભય બનાવીને પછી એ યાચે છે: 'એટલો આશીર્વાદ આપતાં જાઓ કે જય, યશ કે રાજ્યના લોભમાં પડીને હું વીરની સદ્‌ગતિથી ભ્રષ્ટ ન થાઉં.' કર્ણની સારી જીવનચર્યા અહંદષ્ટિથી પ્રેરાયેલી ભલે રહી, માનો ખોળો અને સિંહાસન જતાં કરી સૂતજનની અને હતાશોનો પક્ષ કરવાનો એનો નિર્ણય અહંદષ્ટિનો નથી, સમષ્ટિ દષ્ટિનો છે. કર્ણના કીર્તિહીન કરુણ જીવનમાં આ એક નિત્યધર્મનો ઉન્મેષ છે.

નિત્યધર્મનું પાલન ઘણુંખરું વ્યક્તિને દુઃખકર તો હોય જ છે, કર્ણના દાખલામાં જોવા મળે છે તેમ, સમષ્ટિને પણ તત્કાળ દુઃખકર લાગે, પણ અંતે તે સમષ્ટિને—તેમજ વ્યક્તિને—કલ્યાણકારી જ નીવડે છે. પણ ધર્મનું પાલન કરનાર તો ધર્મપાલન સિવાય કશાનો વિચાર કરવા બેસતું નથી. દ્રૌપદીની અવમાનના પછી વૃદ્ધ ધૃતરાષ્ટ્રને ગાંધારી દુર્યોધનનો ત્યાગ કરવા કહે છે.

ધૃતરાષ્ટ્ર — તેનો ત્યાગ કરું તો પછી રાખું શું?

ગાંધારી — તમારો ધર્મ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૃતરાષ્ટ્ર — ધર્મ તને શું આપવાનો હતો ?

ગાંધારી — નવાં નવાં દુઃખ.. મહારાજ, ધર્મ કાંઈ સંપદનો હેતુ નથી એ કાંઇ સુખનો ક્ષુદ્ર સેતુ નથી, ધર્મમાં જ ધર્મનો અંત છે.

અહંદષ્ટિ ધૃતરાષ્ટ્ર કહે છે, 'ધર્મનું વિધાન વિધાતાના હાથમાં છે...હું પિતા છું.' પણ ગાંધારી 'હું માતા છું' કહી અવશપણે બેસી રહેતી નથી. જેમ કચ 'હું પ્રણયી છું.' કર્ણ 'હું વાત્સલ્ય તરસ્યો અભિજાત છું' કહી નિત્યધર્મથી ચ્યુત થતાં નથી તેમ ગાંધારી 'પદાહત સ્ત્રીત્વનું ક્રંદન' સાંભળી પોતે માતા છે એ ગળી જઈ એક સ્ત્રી તરીકે 'બધી સ્ત્રીઓ વતી' પોતાના કુપુત્રનો ત્યાગ કરવા વળી વળીને રાજાને ઉદ્બોધે છે.

આ નિત્યધર્મનું દર્શન હૃદયથી થઈ શકે છે એ કવિવરે નિઃસંશયપણે દર્શાવ્યું છે. ગાંધારી કહે છે: 'મને તો માત્ર મારા અંતરમાં આ શાસ્ત્ર મળ્યું છે.' કયું શાસ્ત્ર? અહંદષ્ટિના ક્ષુદ્રધર્મને અતિક્રમીને સમષ્ટિદષ્ટિનો નિત્યધર્મ આચરવાનું. રાજાએ વિધાતાનો વામહસ્ત છે એમ કહી પતિને પુત્રત્યાગ માટે એ વીનવે છે, 'આપણે બધાં જ વિશ્વવિધાતાનાં સંતાન છીએ. તે નારાયણ પોતાને હાથે પુત્રોનો ન્યાય તોળે છે. વ્યથા આપે છે, સાથે વ્યથા પામે છે, નહિ તો ન્યાય તોળવાનો તેમને અધિકાર જ ન રહે.' વિશ્વવિધાતાની ચરાચર સૃષ્ટિલીલામાં સ્ફુરતા ઋતને — નિત્યધર્મને હૃદયથી ઓળખી લઇને તેને મનુષ્યે અનુસરવાનું છે. ક્યારેક એ ઋતને — નિત્ય ધર્મને સમાજના કોઈ રૂઢ નિયમરૂપે જોવા અહં પ્રેરાય છે ત્યારે ભારે ઉત્પાત મચે છે.

ગાંધારી પુત્રને તજવા ઉત્સુક છે, તેમ રમાબાઈ પણ પેટની જણી દીકરીને અગ્નિને અર્પણ કરતાં ખંચકાતી નથી. પણ બંનેની વૃત્તિમાં ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. ગાંધારી 'બધી સ્ત્રીઓ' વતી પુત્રનો ત્યાગ ઇચ્છે છે. રમાબાઈ પોતાના 'ગર્ભની લજ્જા' ફેડવા પુત્રીનો નાશ ઇચ્છે છે. દ્રૌપદીના પ્રસંગથી 'પદાહત સતીત્વનું ક્રંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળો ' ગાંધારી કુલાંગારની માતા હોવા માટે દુઃખ અનુભવે છે. રમાબાઈ માની લીધેલી કન્યાની અપકીર્તિથી માતાના સતીત્વને જાણે કલંક લાગે છે એમ માને છે અને જીવાજીની વાગ્દત્તા, પ્રસંગવશાત્ યવનવરને વરેલી પોતાની ' પુત્રીની સતી તરીકે કીર્તિ ફેલાવવા' જીવાજી સાથે તેને ચિતા પર પોઢાડે છે, ત્યારે જંપે છે. તેમાં તેનો સામાજિક અહં માત્ર પ્રગટ થાય છે. રમાબાઈનું વર્તન સમષ્ટિ-દષ્ટિનું ભાસે છે પણ છે અહંદષ્ટિનું, જેમ કર્ણનું અહંદષ્ટિનું ભાસે છે છતાં છે સમષ્ટિદષ્ટિનું. ગાંધારીની પેઠે હૃદયથી જોયેલો ન હોઈ રમાબાઈનો ધર્મ સમાજપક્ષપાતી શુષ્ક રૂઢિપ્રિય ક્ષુદ્રધર્મ છે. વૃદ્ધ પિતા એ સ્પષ્ટ જોઈ શકે છે : 'સમાજ કરતાં હૃદયનો નિત્યધર્મ સદા સાચો હોય છે.' ગાંધારી-ધૃતરાષ્ટ્ર-દુર્યોધનના પ્રસંગ સાથે રમાબાઈ-વિનાયકરાવ-અમાબાઈનો પ્રસંગ વિરોધાવવાથી પ્રતીત થાય છે કે સંતતિનું કલંક ધોવાનો બંનેમાં ઉપક્રમ હોવા છતાં એકમાં નિત્યધર્મ પ્રગટે છે, બીજામાં હૃદય દર્શનના અભાવે — ગતાનુગતિકતાના પ્રભાવે — ક્ષુદ્રધર્મ પ્રગટે છે.

સોમક પણ પોતાના સંતાનની અગ્નિમાં આહુતિ આપે છે અને રાજધર્મ પાળ્યાનો સંતોષ અનુભવે છે. રાજધર્મ પાળવા પાછળ સમષ્ટિદષ્ટિનો ડોળ જરૂર હતો, પણ વસ્તુતાએ તો એ અહંદષ્ટિ જ હતી, કેમ કે, પછીથી એ જોઈ શકે છે તેમ 'નિંદુક સમાજમાં પોતાની વીરતા જાહેર કરવા માટે માનવધર્મ, રાજધર્મ અને પિતૃધર્મને, હાય, મેં અગ્નિમાં ભસ્મ કરી નાખ્યાં.' રાજા કહે છે, ' હે બ્રાહ્મણ, તારી સાથે મારું પણ નરકમાં જ સ્થાન છે.' ધર્મરાજ આવીને સમજાવે છે કે સંતાનના વધનું પ્રાયશ્ચિત્ત તમે જીવનભર અંતરનરકાગ્નિ દ્વારા કરી દીધું છે. પણ સોમકે હૃદયથી નિત્યધર્મનું દર્શન કરેલું છે. ઋત્વિકે બાળક હોમ્યો તેમાં રાજાનો વાંક ઓછો ન હતો. ઋત્વિકનો સ્વર્ગવાસ માગવો અસંભવ છે, એટલે પોતે જ એની સાથે નરકાવાસ માગી લે છે. આમ જાણે ધર્મરાજની ન્યાયયોજના કરતાં હૃદયધર્મની યોજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવરે સૂક્ષ્મતર અને કોમલતર સૂચવી ન હોય. ધર્મ અંગેની 'દુર્બળ દ્વિધા'માં પડવા જ ન માગનાર ધૃતરાષ્ટ્ર પણ પુત્રની 'દુર્ગતિનાં અર્ધાં ફળ' ભોગવવામાં સાન્ત્વન શોધે છે, તેની સાથે વૃદ્ધ વિનાયકરાવ દુર્બળતા ખંખેરી હૃદયધર્મને વધાવવામાં પુત્રીની સાથોસાથ જે અવમાનના વેઠે છે એમાં રહેલું મંગલસાન્ત્વન સરખાવવા જેવું છે. અને સોમક પોતાને સ્વર્ગવાસ અર્પતાં પુણ્યોની મદદથી ઋત્વિકના નરકવાસને એની અને પોતાની વચ્ચે વહેંચી આપવાનું પણ માગ્યા વગર આખી અવધિ પોતે એની સાથે સહવાસ ઇચ્છે છે એમાં પરમ શાતાભર્યું સાન્ત્વન છે, એ જ નિત્યધર્મનો ચરમ પ્રસાદ છે.

આવી શાતાથી ભર્યા નિત્યધર્મનું ઉદ્‌ઘાટન કવિવરે જે પ્રસંગો દ્વારા કર્યું છે તેમાં પ્રણયી અને પ્રણયિનીનો એક છે અને જન્મ આપનાર અને સંતતિના ચાર છે, એમાં પણ એક સૂચન જોઈ શકાય. પ્રણય કરતાં પ્રણયનાં ફળ — સંતતિ અંગે ધર્મપ્રસંગો ઉપસ્થિત થવાનો વધુ અવકાશ છે, કેમકે એમાં સમષ્ટિનાં અનેક બિંદુથી સામસામી ખેંચાખેંચ જામવાનો સંભવ છે. ધર્મનિર્ણયના જુદા જુદા પ્રસંગોએ હૃદયે ઓળખેલો નિત્યધર્મ કેવો ત્યાગતપે દીપી ઊઠે છે તે કવિવરની આ કૃતિઓમાં પ્રતીત થાય છે. આપણા જાત્યભિમાની સમાજને 'સતી' આપવાની ધૃષ્ટતા તો આ સત્યધર્મી કવિવર જ કરી શકે.

ઉપર કહ્યું હતું તેમ સત્તાણું–અઠ્ઠાણુંથી સો સુધીની મજલ જ આવી સંવાદકૃતિઓમાં હોય છે. એ ટૂંકી મજલ અત્યંત યાતનાભરી હોય છે. અને સો પછી શું એ પણ પ્રશ્ન છે. શૂન્ય!—એવો પશ્ચિમી નાટ્ય સાહિત્યમાંથી વારંવાર વેદનાગંભીર પ્રત્યુત્તર ઊઠ્યો છે. આ પાંચ કૃતિઓનો પ્રત્યુત્તર છે: 'ધર્મ!' હૃદયને જેની સૂઝ છે એવો નિત્યધર્મ! આ પ્રત્યુત્તર આપણને કવિની વાણીમાં મળ્યો છે. એટલે આ પાંચ કાવ્યોમાં એ પરમ ધર્મનું સર્વસ્પર્શી સૌંદર્ય આપણને આસ્વાદવા મળે છે.

ઉમાશંકર જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

વિદાય-અભિશાપ

[દેવોની આજ્ઞાથી બૃહસ્પતિપુત્ર કચ દૈત્યગુરુ શુક્રાચાર્યની પાસેથી સંજીવની વિદ્યા શીખવા માટે તેમની પાસે જાય છે. ત્યાં હજાર વર્ષો ગાળીને અને નૃત્યગીતવાદ્ય વડે શુક્રદુહિતા દેવયાનીનું મનોરંજન કરીને સિદ્ધકામ થઈ તે દેવલોકમાં પાછા ફરે છે. દેવયાની પાસે વિદાય લેતી વખતનો પ્રસંગ આ પછી વર્ણવવામાં આવ્યો છે.]

કચ

દેવયાની, આજ્ઞા આપો તો દાસ દેવલોક પ્રતિ પ્રયાણ કરે. આજે મારો ગુરુગૃહવાસ પૂરો થયો. મને આશીર્વાદ આપો કે જે વિદ્યા શીખ્યો છું તે ઉજ્જવળ રત્ન અંતરમાં સદા જાજ્વલ્યમાન રહે -- સુમેરુ શિખર ઉપર સૂર્યની જેમ — અક્ષય કિરણ.

દેવયાની

તારા મનોરથ પૂરા થયા, આચાર્ય પાસેથી દુર્લભ વિદ્યા પામ્યો, તારી હજાર વર્ષની દુઃસાધ્ય સાધના આજે સિદ્ધ થઈ; બીજી કશી કામના નથી? — મનમાં મનમાં વિચારી જો.

કચ

ના, બીજી કશી નથી.

દેવયાની

કશી નથી? તોય ફરી એક વાર જોઈ લે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયના તળિયા સુધી ઊંડો ઊતરીને તપાસી જો; અંતરના ખૂણામાં કદાચ કોઈ વાંછના રહી ગઈ હોય, કુશના અંકુર સમી ઝીણી; દૃષ્ટિને અગોચર, તોયે અત્યંત તીક્ષ્ણ.

કચ

આજે મારું જીવન સંપૂર્ણ કૃતાર્થ થયું છે. મારામાં કોઈ પણ સ્થાને કોઈ પણ દૈન્ય, કોઈ પણ શૂન્યતા નથી, સુલક્ષણે !

દેવયાની

ત્રિભુવનમાં તું સુખી છે. તો ઉચ્ચ શિરે ગૌરવપૂર્વક ઇન્દ્રલોકમાં તારે કામે જા. સ્વર્ગપુરીમાં આનંદધ્વનિ જાગશે, મનોહર સ્વરે મંગળ શંખ વાગશે, સુરાંગનાઓ તારે શિરે તાજી જ તોડેલી નંદનવનની મંદાર મંજરીની પુષ્પવૃષ્ટિ કરશે. સ્વર્ગને માર્ગે અપ્સરાઓ અને કિન્નરીઓ કલકંઠે હર્ષધ્વનિ કરશે. આહા, વિપ્ર, તારા દિવસો અહીં વિજન વિદેશમાં સુકઠોર અધ્યયનમાં બહુ ક્લેશમાં ગયા છે. સુખમય ઘરને સંભારી આપનાર, વિદેશવાસનું દુઃખ દૂર કરનાર કોઈ અહીં નહોતું. અમારી ગરીબની ઝૂંપડીમાં જે કંઈ હતું તેના વડે અતિથિની અમે યથાશક્તિ પૂજા કરી છે. તોય સ્વર્ગસુખ તો અમે ક્યાંથી લાવીએ ? અહીં સુરાંગનાઓના અનંદિત સુખ ક્યાંથી હોય ? હું તો મનમાં મોટી આશા રાખું છું કે સુખલોકમાં પાછા ગયા પછી આતિથ્યની ત્રુટીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

६४ आ/२१ २५०३५
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને યાદ પણ નહિ આવે.

કચ

આજે કલ્યાણમય હાસ્યથી દાસને પ્રસન્ન વિદાય આપવી પડશે.

દેવયાની

હાસ્યથી ? હાય સખા, આ કંઈ સ્વર્ગપુરી નથી! અહીં તો ષ્પમાં કીડાની જેમ મર્મમાં તૃષ્ણા જાગતી રહે છે, વાંછિતની આસપાસ વાંછના ઘૂમ્યા કરે છે — ખિડાયેલા કમળની આસપાસ લાંછિત ભ્રમર વારેવારે ફર્યા કરે છે તેમ. અહીં તો સુખ જતાં ખાલી ઘરમાં સ્મૃતિ એકલી બેસીને દીર્ઘ નિઃશ્વાસ નાખ્યા કરે છે; અહીં હાસ્ય સુલભ નથી. જા બંધુ, મિથ્યા સમય બગાડવાથી શું ? દેવો ઉત્કંઠિત થઈ રહ્યા હશે.

ચાલવાયે માંડ્યો ? બે શબ્દોમાં બધું પતી ગયું ! સહસ્ર વર્ષ પછી આ જ વિદાય કે ?

કચ

દેવયાની, શો છે મારો અપરાધ !

દેવયાની

હાય, આ સુંદર અરણ્યભૂમિએ સહસ્ર વર્ષો સુધી તને વલ્લભ છાયા આપી છે, પલ્લવમર્મર અને વિહંગોનું કૂજન સંભળાવ્યું છે, — તેને શું આજે આમ સહજમાં છોડી જઈશ ? તરુરાજિ જાણે મ્લાન થઈ ગઈ છે, જો, આજની વનચ્છાયા ગાઢતર શોકથી અંધકારમય બની ગઈ છે, વાયુ રડી પડે છે, સૂકાં

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રો ખરી પડે છે, તું જ કેવળ પાછલી રાતના સુખ-સ્વપ્નની પેઠે હસતે મુખે ચાલ્યો જઈશ ?

કચ

દેવયાની, આ વનભૂમિને હું માતૃભૂમિ માનું છું, અહીં મને નવજન્મ મળ્યો છે. એના પ્રત્યે મને અનાદર નથી — એને તો હું સદા પ્રીતિપૂર્વક સંભારીશ.

દેવયાની

આ પેલો વડ, જ્યાં તું રોજ ગોધણને ચરાવવા આવતો અને મધ્યાહ્નના આકરા તાપમાં ઊંઘી જતો, તારા થાકેલા શરીર ઉપર અતિથિવત્સલ તરુ દીર્ઘ છાયા ઢાળતું, અને મૃદુસ્વરે ઝર્ઝર કરતા પલ્લવ-દલથી વીંઝણો નાખી તને સુખનિદ્રામાં પોઢાડી દેતું; — જજે સખા, તોપણ છેલ્લી વારનો પરિચિત તરુ નીચે થોડી ક્ષણ બેસ, અને એ સ્નેહછાયાની વિદાય લઈને જા. બે ઘડી રોકાઈ જા. એટલા વિલંબથી તારા સ્વર્ગને કશી ખોટ નહિ જાય.

કચ

આ સર્વ ચિરપરિચિત બંધુસમુદાય પણ વિદાયની ઘડીએ નવો નવો લાગે છે; ભાગી જતા પ્રિયજનને બાંધવાને માટે બધા વ્યગ્ર સ્નેહપૂર્વક નવાં બંધનોની જાળ ફેલાવે છે, છેલ્લી વિનંતી સમો અપૂર્વ સૌંદર્યરાશિ ઠાલવે છે. હે વનસ્પતિ, હે આશ્રિતજનના બંધુ, તને નમસ્કાર હો. કેટલાય પથિકો તારી છાયામાં બેસશે, કેટલાય વિદ્યાર્થીઓ કેટકેટલા દિવસ, મારી પેઠે તારી નીરવ નિર્જન ઘાટી છાયામાં તૃણાસન ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને પતંગોના મૃદુ ગુંજરણ જેવા સ્વરે અધ્યયન કરશે; પ્રાતઃસ્નાન પછી, ઋષિબાળકો આવીને ભીનાં વલ્કલ તારી શાખા ઉપર સૂકવશે; ગોવાળિયાઓ બપોરે રમશે; એ બધા વચ્ચે અરે, આ પુરાણો મિત્ર તારા સ્મરણમાં રહો.

દેવયાની

આપણી હોમધેનુને સંભારજે; સ્વર્ગની સુધા પીને એ પવિત્ર ગાયને ગર્વમાં ભૂલી ન જઈશ.

કચ

તેનું દૂધ તો સુધા કરતાં પણ અધિક સુધામય છે; તેને જોઈને તો પાપો નાશ પામે છે એવી એ શુભ્રકાંતિ પયસ્વિની માતા જેવી, શાંતિસ્વરૂપ છે. ભૂખતરસ કે થાકને ગણકાર્યા વિના મેં તેની સેવા કરી છે, ગહન વનમાં હરિયાળીવાળી નદીને તીરે, દિવસભર તેની સાથે ફર્યો છું, તટના ઢાળાવ ઉપરનું સુંવાળું કૂંળું ઢગલે ઢગલા ઘાસ ધરાતાં સુધી યથેચ્છ ચર્યા પછી આળસથી ભારે થયેલે શરીરે ઝાડની છાયામાં તૃણભૂમિ ઉપર પડી પડી આખો દિવસ એ ધીરે ધીરે વાગોળ્યા કરતી; વચમાં વચમાં મોટી મોટી આંખે કૃતજ્ઞતાપૂર્ણ શાંત દૃષ્ટિ નાખીને, ગાઢ સ્નેહભરી આંખો વડે મારા દેહને ચાટતી. મને તેની તે અચંચલ સ્નિગ્ધ દૃષ્ટિ અને તે લીસી સુંવાળી, સફેદ, પરિપુષ્ટ કાયા સદા યાદ રહેશે.

દેવયાની

અને યાદ રાખજે આપણી કલરવ કરતી સ્રોતસ્વિની વેણુમતીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ

તેને હું નહિ ભૂલું. કેટકેટલી પુષ્પલચી કુંજોમાં થઈને, મધુર કંઠમાં આનંદપૂર્ણ કલગાન લઈને, ગ્રામવધૂ સમી સેવા–સંભાર વહીને સદા દ્રુત ગતિએ આવતી, નિત્યની મંગળ વ્રતધારિણી એ વેણુમતી તો મારી વિદેશવાસની સંગિની હતી.

દેવયાની

હાય બંધુ, આ પ્રવાસમાં બીજી પણ કોઈ સહચરી તારી સાથે હતી, પરગૃહવાસનાં દુઃખો ભુલાવવા માટે તે રાત ને દિવસ પ્રયત્ન કરતી હતી; હાય રે, દુરાશા !

કચ

તેનું નામ સમગ્ર જીવન સાથે ગૂંથાઈ ગયું છે.

દેવયાની

તને યાદ છે, કિશોર બ્રાહ્મણરૂપે જે દિવસ તું પહેલવહેલો અહીં આવ્યો હતો ત્યારે તારા તરુણ અરુણ શા ગૌરવર્ણ દેહ ઉપર સ્નિગ્ધ દીપ્તિ ઢળેલી હતી, ભાલ ઉપર ચંદન ચર્ચેલું હતું, કંઠમાં પુષ્પમાળા હતી, તેં પટ્ટવસ્ત્ર પહેરેલું હતું, અધરે અને નયને પ્રસન્ન સરલ હાસ્ય રમતું હતું; આવીને પણે પુષ્પવનમાં તું ઊભો હતો —

કચ

તું તરતની જ નાહીને લાંબા ભીના વાળ સાથે, નવું શ્વેત વસ્ત્ર ધારણ કરીને તેજમાં નાહેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિમતી ઉષાસમી હાથમાં છાબ લઈને એકલી પૂજા માટે તાજાં ફૂલ ચૂંટતી હતી. વિનંતી કરીને મેં તને કહ્યું, "દેવી, તને શ્રમ ઘટતો નથી, રજા આપે તો ફૂલ ચૂંટી દઉં."

દેવયાની

મેં વિસ્મય પામીને તે જ ક્ષણે તારો પરિચય પૂછ્યો. તેં વિનયપૂર્વક કહ્યું, હું તારે બારણે તારા પિતાનો શિષ્ય થવાને આવ્યો છું — હું બૃહસ્પતિપુત્ર.

મને મનમાં શંકા હતી કે રખેને દાનવોના ગુરુ સ્વર્ગના બ્રાહ્મણને પાછો કાઢે.

દેવયાની

હું તેમની પાસે ગઈ, હસીને બોલી, — પિતા, તમારે ચરણે એક માગણી છે. સ્નેહથી પાસે બેસાડીને, મારે માથે હાથ મૂકીને શાંત મૃદુ શબ્દોથી તેમણે કહ્યું, — તને કશું અદેય નથી. મેં કહ્યું, — બૃહસ્પતિપુત્ર તમારે બારણે આવ્યા છે, તેમને તમે શિષ્ય તરીકે લો એટલી વિનંતી છે. એ વાતને તો આજે કેટલો કાળ થઈ ગયો તોયે એ દિવસ જાણે આજ સવાર જ ન હોય એમ લાગે છે.

કચ

ઈર્ષ્યાથી બળતા દૈત્યોએ ત્રણ વાર મારો વધ કર્યો, પણ તેં દેવીએ દયા કરીને મને પાછો જીવતો કર્યો, એ વાત હમેશાં હૃદયમાં કૃતજ્ઞતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગાડયા કરશે.

દેવયાની

કૃતજ્ઞતા! તું એ ભૂલી જજે, એનું મને લગારે દુઃખ નથી. મેં જે ઉપકાર કર્યો છે તે ભસ્મ થઈ જાઓ — દીધાનો બદલો મારે નથી જોઈતો. પણ તારા મનમાં કશી સુખ-સ્મૃતિ નથી ? જો કોઈ દિવસ અંતરમાં અને બહાર આનંદનાં ગીત ગુંજી રહ્યાં હોય, જો કોઈ સંધ્યાકાળે અભ્યાસમાંથી અવકાશ મળતાં વેણુમતીને તીરે પુષ્પવનમાં બેઠાં બેઠાં મનમાં કોઈ અપૂર્વ રોમાંચ થઈ આવ્યો હોય, ફૂલફૂટયા નિકુંજમાં ફૂલના સૌરભ સમો હૃદયનો ઉચ્છ્વાસ સંધ્યાકાશને છાઈ વળ્યો હોય, તો તે સુખની વાત યાદ રાખજે — કૃતજ્ઞતા ભૂલી જજે. હે સખા, જો અહીં કોઈએ ગીત ગાયું હોય જે તને ગમી ગયું હોય, કોઈ દિવસ એવું વસ્ત્ર પહેર્યું હોય જે જોઈને તારા મનમાં પ્રશંસાના શબ્દો જાગ્યા હોય, અને પ્રસન્ન અંતરે, તૃપ્ત નયને તેં એમ વિચાર્યું હોય કે આજે આ સુંદર દેખાય છે, તો તે વાત સુખસ્વર્ગ-ધામમાં નવરાશને સમયે યાદ કરજે. કેટકેટલી વખત આ વનમાં દિગદિગંતરોમાં આષાઢની નીલ જટા, શ્યામસ્નિગ્ધ વર્ષાની નવઘન ઘટા ઊતરી આવી હતી, અને અવિરલ વૃષ્ટિધારાએ કામ વગરના દિવસોમાં સઘન કલ્પનાભારથી હૃદયને પીડયું હતું; કેટકેટલી વાર વસંતના બાધાબંધહીન ઉલ્લાસને હિલોળે હીંચતો યૌવન-ઉત્સાહ અચાનક આવ્યો હતો અને તે સંગીત-મુખર આવેગ-પ્રવાહે વનવનાંતરમાં લતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર અને પુષ્પો વડે લહર ઉપર લહર રેલાવીને આનંદનાં પૂર વહાવ્યાં હતાં; એક વાર વિચાર તો કરી જો કે આ વનમાં કેટકેટલી ઉષા, કેટકેટલી જ્યોત્સ્ના, કેટકેટલી અંધારી પુષ્પગંધઘન અમાવાસ્યાની રાત્રિઓ તારા જીવનમાં સુખદુઃખ સાથે ભળી ગયેલી છે, — તે બધામાંએવું કોઈ પ્રભાત, એવી કોઈ સંધ્યા, એવી કોઈ મુગ્ધ રાત્રિ, એવી કોઈ હૃદયની લીલા, એવું કોઈ સુખ, એવું કોઈ મુખ નજરે પડ્યું નહોતું, જે મનમાં સદાને માટે ચિત્રરેખાની પેઠે અંકાઈ રહે ? કેવળ ઉપકાર ! સૌંદર્ય નહિ, પ્રીતિ નહિ, બીજું કશું નહિ ?

કચ

સખી, બીજું જે કાંઈ છે તે પ્રગટ થઈ શકે એવું નથી. જે વસ્તુ રક્ત બનીને અંતરમાં વહી રહી છે તે બહાર બતાવવી શી રીતે ?

દેવયાની

જાણું છું સખે, તારું હૃદય મારા હૃદયના પ્રકાશથી મેં કેટલીય વાર કેવળ જાણે આંખના પલકારાથી ન હોય એમ એક ક્ષણમાં જોયું છે, તેથી જ તો આજે આવી સ્ત્રીની ધૃષ્ટતા. તો રહી જા, રહી જા, જઈશ મા. ગૌરવમાં સુખ નથી. અહીં વેણુમતી તીરે આપણે બે જણ, બીજું બધું ભૂલી આપણાં મૌન, વિશ્રબ્ધ, મુગ્ધ હૈયાં આ નિર્જન વનચ્છાયા સાથે મેળવી દઈ અભિનવ સ્વર્ગ રચીશું. સખા જાણું છું. તારા મનની વાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ

નહિ, નહિ, દેવયાની.

દેવયાની

નહિ? મિથ્યા વચન! મેં શું તારું મન જોયું નથી? જાણતો નથી કે પ્રેમ અંતર્યામી છે? ખીલેલું પુષ્પ પલ્લવમાં ઢંકાયેલું હોય છે, પણ તેનો ગંધ ક્યાં છુપાવાનો હતો? કેટલીય વાર ઊંચું જોતાં-વેંત, મને જોતાંવેંત, મારો અવાજ સાંભળતાંવેંત, તારા અંગેઅંગમાં તારા હૈયાનો હલમલાટ પ્રગટી ઊઠ્યો છે — હીરો હાલે ને તેનો પ્રકાશ બધે ફેલાઈ જાય તેમ. એ શું મેં જોયું નથી? હે મિત્ર, તું પકડાઈ ગયો છે. એટલે જ તું મારા હાથમાં બંદી છે. તું એ બંધન નહિ તોડી શકે. ઇન્દ્ર હવે તારો ઇન્દ્ર રહ્યો નથી.

કચ

શુચિસ્મિતે, સહસ્ર વર્ષો સુધી આ દૈત્યપુરીમાં શું મેં આટલા માટે સાધના કરી હતી?

દેવયાની

કેમ નહિ? આ જગતમાં કેવળ વિદ્યાને માટે જ લોકો કષ્ટ વેઠે છે? રમણીને માટે કોઈ પુરુષે મહાતપ નથી કર્યું શું? પોતાની ઇચ્છેલી પત્ની મેળવવા માટે તપતીની આશાએ સંવરણે આકાશમાં પ્રખર સૂર્યની સામે જોઈ રહીને અને ઉપવાસ કરીને કેટલીય કઠોર સાધના નહોતી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ? હાય, શું કેવળ વિદ્યા જ દુર્લભ છે, અને પ્રેમ જ અહીં એટલો બધો સુલભ છે ? સહસ્ર વર્ષો સુધી તેં કઈ સંપત્તિ માટે સાધના કરી છે તેની તને જ ખબર નથી. એક બાજુ વિદ્યા, એક બાજુ હું — કોઈ વાર મને તો કોઈ વાર તેને તેં ઉત્સુકતાપૂર્વક ઇચ્છી છે. તારા અનિશ્ચિત મને ગુપ્ત રીતે જતનપૂર્વક બંનેની જ આરાધના કરી છે. આજે અમે બંને એકે દિવસે સ્વીકારને અર્થે આવ્યાં છીએ. ચાહ્ય તેને પસંદ કરી લે, સખા. સરળ હિંમતપૂર્વક જો તું કહીશ કે "વિદ્યામાં સુખ નથી, યશમાં સુખ નથી, દેવયાની, કેવળ તું જ મૂર્તિમંત સિદ્ધિ છે; તને જ હું પસંદ કરી લઉં છું." તો તેમાં કશી હાનિ નથી, કશી શરમ નથી. રમણીનું મન હે સખા, હજારો વર્ષની જ સાધનાનું ધન છે.

કચ

શુભે, દેવો સમક્ષ મેં પ્રતિજ્ઞા કરી હતી કે મહાસંજીવની વિદ્યા ઉપાર્જન કરીને દેવલોકમાં પાછો ફરીશ. એટલે જ હું આવ્યો હતો. એ પ્રતિજ્ઞા સદૈવ મારા મનમાં જાગ્રત રહી છે, એ મારી પ્રતિજ્ઞા આજે પૂરી થઈ. આટલે સમયે આ જીવન કૃતાર્થ થયું. કોઈ સ્વાર્થની આજે મને કામના નથી.

દેવયાની

ધિક્ છે તને મિથ્યાવાદીને ! તેં શું કેવળ વિદ્યા જ ઇચ્છી હતી ? ગુરુને ઘેર આવ્યા પછી તું કેવળ વિદ્યાર્થી તરીકે એકાંતમાં શાસ્ત્રગ્રંથમાં આંખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોવીને રાતદિવસ અભ્યાસમાં જ મગ્ન રહ્યો હતો ? બીજા બધા પ્રત્યે ઉદાસીન રહ્યો હતો ? તો પછી અધ્યયનશાળા છોડીને વનવનાંતરમાં ફૂલ માટે શા સારુ ફરતો, માળા ગૂંથીને સહાસ્ય પ્રફુલ્લ વદને આ વિદ્યાહીનને શા સારુ લાવીને આપતો ? આ જ તારું કઠોર વ્રત કે ? આ તારા વિદ્યાર્થીના ઢંગ કે ? પ્રભાતમાં તું અભ્યાસમાં બેઠો હોય ત્યાં હું હાથમાં ખાલી છાબ લઈને આવીને હસીને ઊભી રહેતી, ત્યારે ઝાકળભીનાં પ્રફુલ્લ પુષ્પોથી મારું સન્માન કરવા માટે શા સારુ પુસ્તક મૂકી દઈને ઊઠી આવતો ? પાછલે પહોરે હું ઝાડના ક્યારાઓમાં પાણી સીંચતી, ત્યારે મને થાકેલી જોઈને તું શા માટે દયા લાવીને પાણી કાઢી આપતો ? શા માટે પાઠ પડતો મૂકીને મારા મૃગશિશુને ખવડાવતો ? સ્વર્ગમાંથી જે સંગીત શીખી આવ્યો હતો તે, સંધ્યા સમયે જ્યારે નદીને તીરે પ્રેમનત નયનોનાં સ્નિગ્ધ છાયામય દીર્ઘ પલ્લવોની પેઠે નીરવે અંધકાર ઊતરી આવતો ત્યારે શું કામ સંભળાવતો હતો ? વિદ્યા લેવા આવ્યો હતો તો સ્વર્ગની ચાતુરીની જાળ વડે મારું હૃદય શા માટે હરી લીધું ? હવે હું સમજી, મને વશ કરીને તારે પિતાના હૃદયમાં પેસવું હતું. આજે કૃતકાર્ય થઈને મને થોડી કૃતજ્ઞતા આપીને તારે જવું છે—રાજદરબારમાં કામ સફળ થતાં કોઈ ગરજુ માણસ સંતુષ્ટ મનથી દ્વારપાળના હાથમાં બે ચાર મુદ્રા આપીને જાય તેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ

રે અભિમાનિની નારી! સત્ય વાત સાંભળીને શું સુખ થવાનું છે? ધર્મ જાણે છે કે મેં પ્રતારણા કરી નથી. નિષ્કપટ હૃદયે આનંદપૂર્ણ અંતરથી તને સંતુષ્ટ કરી, તારી સેવા કરી તેમાં જો મારો દોષ થયો હોય તો તેની સજા મને વિધિ આપી રહ્યો છે. મનમાં હતું, એ વાત કહેવી નહિ. બોલ, ત્રણે લોકમાં કોઈનુંયે જેનાથી ભલું થવાનું નથી, જે કેવળ માત્ર મારી એકલાની જ અંગત વાત છે તે જાણવાથી તને શો લાભ થવાનો છે! હું તને ચાહું છું કે નહિ, આજે એ ચર્ચાથી શો લાભ? મારું જે કાર્ય છે તે હું સાધીશ. હવે જો સ્વર્ગ મારા મનને સ્વર્ગ નહિ લાગે, મારું ચિત્ત વિદ્ધમૃગની પેઠે દૂર દૂર જંગલમાં ભટક્યા કરે, બધાંય કામોમાં મારા આ દગ્ધ પ્રાણમાં ચિર તૃષ્ણા વળગી રહે તોયે તે સુખ-શૂન્ય સ્વર્ગધામમાં ચાલ્યા ગયા વગર મારો છૂટકો નથી. બધા દેવોને આ સંજીવની વિદ્યા અર્પીને નવું દેવત્વ અર્પીશ ત્યારે મારા પ્રાણ સાર્થક થશે. તે પહેલાં મારું સુખ હું કલ્પી શકતો નથી. મને ક્ષમા કર, દેવયાની, મારો અપરાધ ક્ષમા કર.

દેવયાની

ક્ષમા કેવી મારા મનમાં? હે બ્રાહ્મણ તેં આ નારીચિત્તને વજ્ર જેવું કઠોર બનાવી દીધું છે! તું તો ગૌરવપૂર્વક સ્વર્ગલોકમાં ચાલ્યો જઈશ, પોતાના કર્તવ્યના આનંદમાં સઘળાં દુ:ખોને ને શોકને ભૂલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈશ. પણ મારે કયું કામ છે, મારે કયું વ્રત છે! મારા આ પ્રતિહત નિષ્ફળ જીવનમાં શું રહ્યું છે, શાનું ગૌરવ રહ્યું છે? મારે તો આ વનમાં નિ:સંગ, એકલી અને લક્ષ્યહીન બનીને નતશિરે બેસી રહેવું પડશે. જે દિશામાં આંખ ફેરવીશ તે દિશામાંથી હજારો સ્મૃતિના નિષ્ઠુર કાંટા ભોંકાશે, છાતી નીચે છુપાઈને અતિ ક્રૂર લજ્જા વારંવાર ડંખ દેશે. ધિક્, ધિક્, હે નિર્મમ પથિક, તું ક્યાંથી આવ્યો? મારા જીવનની વન-ચ્છાયામાં બેસીને નવરાશની બે ઘડી વિતાવવાને બહાને જીવનનાં સુખોને ફૂલની પેઠે ચૂંટી લઈ એક સૂત્રમાં ગૂંથીને તેં તેની માળા બનાવી, જતી વખતે તે માળા તેં ગળે ન પહેરી, પણ પરમ અવહેલાપૂર્વક તે સૂક્ષ્મ સૂત્રના તોડીને બે ટુકડા કરી નાખી ગયો. આ પ્રાણનો સમસ્ત મહિમા ધૂળમાં મળ્યો. તને મારો આટલો અભિશાપ છે કે જે વિદ્યાને ખાતર તું મારી અવહેલા કરે છે તે વિદ્યા તને પૂરેપૂરી વશ નહિ વર્તે. તું કેવળ તેનો ભારવાહી બની રહીશ, ઉપભોગ નહિ કરી શકે, શીખવી શકીશ, પ્રયોગ નહિ કરી શકે.

કચ

હું વરદાન આપું છું દેવી, તું સુખી થજે, વિપુલ ગૌરવમાં સર્વ ગ્લાનિ ભૂલી જજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ગાંધારીનું આવેદન

દુર્યોધન

હે તાત, આપને ચરણે પ્રણામ કરું છું.

ધૃતરાષ્ટ્ર

અરે દુરાશય, તારું અભીષ્ટ સિદ્ધ થયું કે?

દુર્યોધન

હું જય પામ્યો છું.

ધૃતરાષ્ટ્ર

ત્યારે સુખી થયો ને?

દુર્યોધન

હું વિજયી થયો છું.

ધૃતરાષ્ટ્ર

હે દુર્મતિ, અખંડ રાજ્ય જીત્યા છતાં પણ તને સુખ ક્યાં છે?

દુર્યોધન

મહારાજ, મેં સુખ ઇચ્છયું નહોતું, જય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય ઇચ્છ્યો હતો. અને આજે હું જયી થયો છું. ક્ષુદ્ર સુખથી ક્ષત્રિયની ક્ષુધા શમતી નથી, હે કુરુપતિ. ઈર્ષ્યાસિંધુના મંથનમાંથી નીપજેલી દીપ્તજ્વાલ અગ્નિમયી સુધા સમા જયરસનું મેં હમણાં જ પાન કર્યું છે. હે તાત, આજે હું સુખી નથી, જયી છું. પિતા, સુખી તો હું ત્યારે હતો જ્યારે અમે પાંડવો અને કૌરવો કર્મહીન, ગર્વહીન, દીપ્તિહીન સુખમાં એક સાથે બંધાયેલા હતા — જાણે ચંદ્રને હૈયે કલંક. સુખમાં તો હું ત્યારે હતો, જ્યારે પાંડવના ગાંડીવ ટંકારથી શંકાકુલ શત્રુદળ આંગણે આવવાની હિંમત કરતું નહોતું. સુખમાં તો હું ત્યારે હતો જ્યારે જયદૃપ્ત પાંડવો પોતાને હાથે ધરિત્રીને દોહન કરીને ભ્રાતૃપ્રેમને વશ થઈને અમને તેમાંથી ભાગ આપતા હતા, અને અમે નિશ્ચિંત ચિત્તે અનંત કૌતુકપૂર્વક નિત્ય નવા ભોગોનું સુખ માણતા હતા. સુખમાં તો હું ત્યારે હતો જ્યારે પાંડવોના જયધ્વનિના પડઘા કૌરવોને કાને અથડાતા હતા, જ્યારે પાંડવોના યશોબિંબનું પ્રતિબિંબ આવીને ઉજ્જવળ અંગુલિ વડે મલિન કૌરવભવનને અજવાળી જતું હતું. સુખમાં તો અમે ત્યારે હતા જ્યારે પોતાનું સર્વ તેજ બુઝાવી નાખીને પાંડવોના ગૌરવની છાયામાં સ્નિગ્ધ શાંત ભાવે હેમંતના દેડકાની જેમ અમે જડત્વના કૂપમાં પડ્યા હતા. આજે પાંડુના પુત્રોને પરાભવ વનમાં વહી જાય છે, આજે હું સુખી નથી, આજે હું જયી છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૃતરાષ્ટ્ર

ધિક્કાર છે તારા ભ્રાતૃદ્રોહને. પાંડવોના અને કૌરવોના પિતામહ એક છે તે શું તું ભૂલી ગયો ?

દુર્યોધન

તે હું ભૂલી શકતો જ નથી. પિતામહ એક છે, તેમ છતાં ધનમાં, માનમાં, તેજમાં અમે એક નથી. જો એઓ દૂરના પરાયા હોત તો કંઈ દુઃખ નહોતું. શર્વરીનો શશધર મધ્યાહ્ન સૂર્યનો દ્વેષ નથી કરતો, પરંતુ પ્રભાતે એક પૂર્વ ઉદયશિખર ઉપર બે ભ્રાતૃસૂર્ય કેમે કર્યા સમાતા નથી. આજે દ્વન્દ્વ મટી ગયું છે. આજે હું જયી છું. આજે હું એકલો છું.

ધૃતરાષ્ટ્ર

ક્ષુદ્ર ઈર્ષ્યા તો ઝેરી નાગણ છે.

દુર્યોધન

ક્ષુદ્ર નથી, ઈર્ષ્યા તો સુમહાન છે. ઈર્ષ્યા તો મોટાંનો ધર્મ છે. બે વૃક્ષરાજ વચમાં અંતર રાખે છે, પણ લાખ લાખ ઘાસનાં તરણાં ભેગાં થઈને એક બીજાની છાતીએ બાઝીને રહે છે. અસંખ્ય નક્ષત્રો સૌભાગ્યના બંધનમાં બંધાઈને રહે છે, પણ સૂર્ય એક હોય છે, ચંદ્ર એક હોય છે. દૂરના વનની અંતરાળમાં મલિન કિરણવાળી પાંડુ ચંદ્રલેખા આજે અસ્ત થઈ, આજે કુરુ સૂર્ય એકલો છે, આજે હું જયી છું.

ધૃતરાષ્ટ્ર

આજે ધર્મનો પરાજય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધન

લોકધર્મ અને રાજધર્મ એક નથી, પિતા. લોક સમાજમાં બરોબરિયો માણસ સહાયરૂપ, સુહૃદરૂપ, આધારરૂપ થઈ પડે છે. પરંતુ રાજા એકેશ્વર હોય છે. બરોબરિયો તો તેનો મહા શત્રુ, ચિરવિઘ્ન, ચિંતાનું કારણ, આગળનીઆડખીલી, પાછળનો ભય, રાતદિવસ યશ, શક્તિ અને ગૌરવનો ક્ષય કરનાર અને ઐશ્વર્યમાં ભાગ પડાવનાર થઈ પડે છે. ક્ષુદ્ર માણસો બાંધવોની સાથે બળનો ભાગ વહેંચીને બળવાન રહે છે, પણ રાજદંડના તો જેટલા ખંડ થાય તેટલો તે દુર્બલ થાય, તેટલો તે ક્ષય પામે. રાજા જો એકલો પોતાનું મસ્તક સૌમાં ઊંચું ન રાખે, જો બહુ માણસો બહુ દૂરથી તેનું ઊંચું શિર હમેશાં સ્થિર અવ્યાહત ન જોવા પામે, તો બહુ દૂર સુધી બહુ માણસો ઉપર તેની શાસનદૃષ્ટિ શી રીતે કાયમ રહે? રાજધર્મમાં ભ્રાતૃધર્મ કે બંધુધર્મ નથી હોતો, કેવળ જયધર્મ જ હોય છે. એટલે મહારાજ, આજે હું ચરિતાર્થ થયો છું. કારણ આજે હું જયી છું. પંચચૂડામય પાંડવ–ગૌરવ–ગિરિરૂપી જે વ્યવધાન મારી સામે હતું તે આજે ખસી ગયું છે.

ધૃતરાષ્ટ્ર

કપટ દ્યૂતથી જીતીને તું તેને જય કહે છે, લજ્જાહીન અહંકારી?

દુર્યોધન

પિતા, જેનું જે બળ તે તેનું અસ્ત્ર, યુદ્ધમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તેનો આધાર. નખ અને દાંતની બાબતમાં પોતે વાઘની બરોબરી કરી શકે એમ નથી એટલે ધનુષબાણુથી તેના પ્રાણ લેવામાં કયો માણસ લજ્જા અનુભવે છે? મૂઢની પેઠે મૃત્યુ-મુખમાં ઝંપલાવીને પોતાની જાત જતી કરવી એ કંઈ યુદ્ધ નથી. યુદ્ધનું તો એકમાત્ર લક્ષ્ય જયલાભ હોય છે. પિતા, આજે હું જયી થયો છું એટલે મને અહંકાર છે.

ધૃતરાષ્ટ્ર

આજે તું જયી થયો છે, એટલે તારો નિંદા-ધ્વનિ અત્યંત ધિક્કારથી આકાશ અને અવનીને ભરી રહ્યો છે.

દુર્યોધન

નિંદાથી હવે હું ડરતો નથી. નિંદાને ગળે ટૂંપો દઈને મારી નાખીશ. મુખર નગરીની ઉદ્ધત જીભ દૃઢ બળથી મારી પાદપીઠ તળે દબાવી દઈને તેને નિસ્તબ્ધ બનાવી દઈશ. “દુર્યોધન પાપી છે,” “દુર્યોધન ક્રૂર છે,” “દુર્યોધન હીન છે,” એવું એવું આટલા દિવસ મૂંગે મોઢે બહુ સાંભળ્યું. રાજદંડને સ્પર્શ કરીને હે મહારાજ, હું કહું છું કે આજે બધા લોકો પાસે હું કહેવડાવીશ કે “દુર્યોધન રાજા છે, દુર્યોધન રાજનિંદાભરી ટીકા નહિ સહન કરે, દુર્યોધન પોતાને હાથે પોતાનો કીર્તિધ્વજ ઉઠાવે છે.”

ધૃતરાષ્ટ્ર

અરે વત્સ, સાંભળ. નિંદાને જીભ ઉપરથી દેશ-વટો દેતાં તે નીચે મોઢે અંતરના ગૂઢ અંધકારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર દૂર સુધી ઊંડાં જટિલ મૂળ ફેલાવે છે અને ચિત્તતલને સદા ઝેરથી કડવું બનાવી મૂકે છે. જીભ ઉપર નૃત્ય કરીને ચપલ ચંચળ નિંદા થાકી જાય છે, તેને ગુપ્ત હૃદયદુર્ગમાં મૂગાં મૂગાં પોતાની શક્તિ વધારવા દઈશ નહિ, નિંદારૂપી સર્પદલને પ્રીતિના મંત્રબળથી શાંત પાડ અને હસતે મોઢે વાંસળીના સૂરથી તેને કેદ કરી લે.

દુર્યોધન

અવ્યક્ત નિંદા રાજમર્યાદાને કશી ક્ષતિ કરતી નથી, તેના તરફ હું નજરે નાખતો નથી. પ્રેમ ન મળે તેનું મને દુઃખ નથી, પણ મહારાજ, મારે ઉદ્ધતાઈ નથી જોઈતી. પ્રેમદાન સ્વેચ્છાધીન છે, પ્રેમભિક્ષા તો દીનતમ દીન પણ આપે છે. એ પ્રેમ તેઓ ભલે પાળેલી બિલાડીને, આંગણાના કૂતરાને અને પાંડવ ભાઈઓને વહેંચી આપતા. મારે તેનું કામ નથી. હું તો ભય માગું છું, એ જ મારો રાજભાગ છે. હું તો દર્પિતોના દર્પનો નાશ કરીને જય માગું છું. હે પિતૃદેવ, મારું નિવેદન સાંભળો. આજ સુધી તમારા સિંહાસનને મારા નિંદકો સદા વીંટળાઈ રહેતા હતા, કાંટાળા થોરની પેઠે નિષ્ઠુર વાડ રચીને તમારી અને મારી વચ્ચે તેમણે અંતર પાડ્યું હતું. તેમણે તમને સદા પાંડવોનાં ગુણગાન અને અમારી નિંદા સંભળાવ્યા કરી છે. એ રીતે હે પિતાજી, અમે પિતૃસ્નેહથી સદા વંચિત રહ્યા છીએ. એ રીતે, પિતા, અમે બાળપણથી હીનબલ રહ્યા છીએ. પિતૃસ્નેહના ઝરણાના મુખ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાષાણની શિલા પડવાને લીધે અમે પરિક્ષીણ શીર્ણ નદ સમા નષ્ટપ્રાણ, ગતિશક્તિહીન થઈ પડ્યા છીએ, ડગલે ને પગલે પ્રતિહત થયા છીએ, જ્યારે પાંડવો ઊભરાતા નદના જેવા અખંડ અને અબાધગતિ છે. આજથી હે પિતા, સિંહાસનની પાસેથી તે નિંદકોના દળને — સંજય, વિદુર, ભીષ્મ પિતામહને – દૂર નહિ કાઢો, જો તેઓ ડાહ્યા ડમરા બનીને હિતકથા, ધર્મકથા, સદુપદેશ, નિંદા, ધિક્કાર, તર્ક, વગેરેથી ક્ષણે ક્ષણે રાજ્યકર્મના સૂત્રને તોડી નાખ્યા કરવાના હોય, મારા રાજદંડને ભારે બનાવી મૂકવાના હોય, રાજશક્તિમાં ડગલે ને પગલે દ્વિધા જગાડવાના હોય, અપમાનથી અને લજ્જાથી મુકુટને મલિન કરવાના હોય, તો પિતૃદેવ, મને માફ કરજો, મારે એ સિંહાસનરૂપી કાંટાની પથારી નથી જોઈતી. હે મહારાજ, હું પાંડવોને રાજ્ય આપીને બદલામાં વનવાસ લઈ લઈશ અને દેશવટે ચાલ્યો જઈશ.

ધૃતરાષ્ટ્ર

હાય, અભિમાની વત્સ, મિત્રોનાં સુકઠોર નિંદા-વચનો સાંભળીને મારો પિતૃસ્નેહ લગારે ઓછો થતો હોત તો તો કલ્યાણ થાત. મારામાં એટલો બધો સ્નેહ છે કે મેં અધર્મમાં સાથ આપ્યો છે, હું જ્ઞાન ખોઈ બેઠો છું, તારો સર્વનાશ કરવા બેઠો છું. મારામાં એટલો સ્નેહ છે કે પુરાતન કુરુવંશરૂપી મહારણ્યમાં ઘોર કાલાગ્નિ સળગાવવા બેઠો છું. છતાં હે પુત્ર, તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને સ્નેહ નથી એમ કહીને દોષ દે છે? મણિના લોભથી તેં કાળા નાગની કામના કરી તો મેં અંધે પોતાને હાથે તેની ફેણ પકડીને તને આપ્યો, અંતરથી અને બહારથી અંધ બનેલો એવો હું સદા તારે ખાતર પ્રલય-અંધકારમાં ચાલ્યો છું. મિત્રો હાહાકાર કરીને નિષેધ કરે છે, નિશાચર ગીધડાં અશુભ ચિત્કાર કરે છે, પદે પદે માર્ગ સાંકડો થતો જાય છે, ઝઝૂમતી વિપત્તિથી શરીરે રોમાંચ થાય છે, તોપણ દૃઢ હાથે ભયંકર સ્નેહથી તને છાતીસરસો બાંધી લઈને વાયુના જેટલા બળથી અને અંધવેગથી મૂઢ મત્ત અટ્ટહાસ્ય કરતો કરતો ઉલ્કાના પ્રકાશમાં વિનાશના મોંમાં દોડી રહ્યો છું. કેવળ તું અને હું, અને બીજો સાથી વજ્રહસ્ત દીપ્ત અંતર્યામી. આગળની દૃષ્ટિ નથી, પાછળનું નિવારણ નથી, માત્ર નિદારુણ વિનાશનું ઘોર આકર્ષણ નીચે ખેંચી રહ્યું છે. એકાએક કોઈ વાર પલકમાં ભાન આવશે, વિધાતાની ગદા ક્ષણમાં માથા ઉપર પડશે, એવોય સમય આવશે, ત્યાં સુધી પિતૃસ્નેહ વિશે શંકા આણીશ નહિ, આલિંગન શિથિલ કરીશ નહિ, ત્યાં સુધીમાં ઉતાવળે હાથે સર્વ સ્વાર્થધન લૂંટી લે, જયી થા, સુખી થા, એકેશ્વર રાજા થા. અરે, તમે જયડંકા બજાવો, આકાશમાં જયધ્વજા ફરકાવો. આજે વિજયોત્સવમાં ન્યાય, ધર્મ, બંધુ, ભ્રાતા કોઈ નહિ રહે, વિદુર કે ભીષ્મ નહિ રહે, સંજય પણ નહિ રહે, લોકનિંદા કે લોકલજ્જાનો ભય નહિ રહે, કુરુવંશની રાજલક્ષ્મી પણ હવે નહિ રહે, માત્ર અંધ પિતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધ પુત્ર તથા કાલાન્તક યમ રહેશે, માત્ર પિતૃસ્નેહ અને વિધાતાનો શાપ રહેશે, બીજું કોઈ નહિ હોય.

(ચરનો પ્રવેશ)

ચર

હે મહારાજ, વિપ્રગણ અગ્નિહોત્ર અને દેવ-ઉપાસનાનો ત્યાગ કરીને, સંધ્યાર્ચના છોડીને પાંડવોની પ્રતીક્ષા કરતા ચૌટે આવીને ઊભા છે. નગરજનો કોઈ ઘરમાં નથી, દુકાનો બધી બંધ છે. સંધ્યા થઈ છે તોયે હે પ્રભુ, ભૈરવના મંદિરમાં નથી વાગતાં શંખ-ઘંટા કે નથી વાગતી સંધ્યા ભેરી, કે નથી પેટતા દીપ. શોકાતુર નરનારીઓનાં ટોળેટોળાં દીન વેશે અને સજળ નયને નગરના દરવાજા તરફ ચાલ્યાં જાય છે.

દુર્યોધન

તેમને ખબર નથી કે દુર્યોધન જાગ્યો છે. ઓ મૂઢ અભાગીઓ, આજે તમારો કાળ ઘેરાયો છે. આજે રાજા અને પ્રજા વચ્ચે ઘનિષ્ઠ કઠિન પરિચય થશે. જોઉં તો ખરો કે પ્રજાની આ પરમ ઉદ્ધતાઈ—નિર્વિષ સર્પના વ્યર્થ ફૂંફાડા—નિરસ્ત્ર દર્પના હુંકાર કેટલા દિવસ રહે છે ?

(પ્રતિહારીનો પ્રવેશ)

પ્રતિહારી

મહારાજ, મહારાણી ગાંધારી આપને ચરણે દર્શનની પ્રાર્થના કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૃતરાષ્ટ્ર

હું તેમની જ રાહ જોઉં છું.

દુર્યોધન

પિતાજી, હું જાઉં ત્યારે.

(જાય છે.)

ધૃતરાષ્ટ્ર

ભાગ અરે ઓ પુણ્યભીત, સાધ્વી જનનીની ઉગામેલા વજ્ર સમી દૃષ્ટિ તું શી રીતે સહન કરવાનો હતો! મારી તને શરમ નથી.

(ગાંધારીનો પ્રવેશ)

ગાંધારી

આપના શ્રીચરણમાં મારે નિવેદન કરવાનું છે. આટલી વિનંતી રાખો, નાથ.

ધૃતરાષ્ટ્ર

પ્રિયાની પ્રાર્થના કદી અપૂર્ણ રહે ખરી?

ગાંધારી

અબઘડી ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર

મહારાણી, કોનો?

ગાંધારી

જેના પાપના સંઘર્ષથી ધર્મની તલવારને ભીષણ ધાર દેવાઈ રહી છે, તે સૂઢનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૃતરાષ્ટ્ર

કોણ છે એ, ક્યાં છે એ, ફક્ત એનું નામ કહો એટલે થયું.

ગાંધારી

પુત્ર દુર્યોધન.

ધૃતરાષ્ટ્ર

તેનો હું ત્યાગ કરું !

ગાંધારી

એ જ મારી આપને ચરણે વિનંતી છે.

ધૃતરાષ્ટ્ર

હે ગાંધારી, હે રાજમાતા, આ પ્રાર્થના દારુણ છે.

ગાંધારી

હે કૌરવ, એ પ્રાર્થના શું મારી એકલીની છે ? હે નરનાથ, કુરુકુલના પિતૃપિતામહો સ્વર્ગમાંથી અહોનિશ એ પ્રાર્થના કર્યા કરે છે. ત્યાગ કરો, જેના અત્યાચારથી અશ્રુમુખી કૌરવ–કલ્યાણ–લક્ષ્મી રાત-દિવસ વિદાયની ક્ષણની રાહ જોઈ રહી છે તેનો ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર

ધર્મનું લંઘન કરનારને ધર્મ સજા કરશે, હું પિતા છું.

ગાંધારી

ગર્ભભાર–જર્જરિતા હું માતા નથી ? મેં તેને જાગ્રત હૃત્પિંડ તળે વહ્યો નથી શું ? તેનું તે અકલંક બાલમુખ જોઈને મારું સ્નેહવિગલિત ચિત્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભ્ર દુગ્ધધારારૂપે બંને સ્તનોમાંથી ઊભરાઈ આવ્યું નહોતું કે? શાખાને ફળ વળગી રહે છે તેવી રીતે બહુ વર્ષો સુધી મારા હાસ્યમાંથી હાસ્ય, વાણીમાંથી વાણી, પ્રાણમાંથી પ્રાણ ખેંચતો બે નાના નાના બાહુ-રૂપી દીંટાઓ વડે તે મને વળગી રહ્યો નહોતો કે?— તોપણ હે મહારાજ, હું કહું છું કે તે પુત્ર દુર્યોધનનો આજે ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર

તેનો ત્યાગ કરું તો પછી રાખું શું?

ગાંધારી

તમારો ધર્મ.

ધૃતરાષ્ટ્ર

ધર્મ તને શું આપવાનો છે?

ગાંધારી

નવાં નવાં દુ:ખ. અધર્મથી મૂલવેલાં પુત્રસુખને અને રાજસુખને બન્ને કાંટાની પેઠે છાતીએ દાબીને મારે શી રીતે સદા ઉપાડ્યા કરવાં?

ધૃતરાષ્ટ્ર

હાય પ્રિયે, ધર્મને વશ થઈને દ્યૂતમાં બંધાયેલા પાંડવોનું લૂંટાઈ ગયેલું રાજ્ય મેં એક વાર પાછું આપ્યું હતું. પણ બીજી જ ક્ષણે પિતૃસ્નેહ મારા કાનમાં સો સો વાર ગુંજન કરવા લાગ્યો, "અરે આ શું કર્યું? એકી વખતે ધર્મ અને અધર્મની બે હોડી ઉપર પગ રાખીને કોઈ બચતું નથી. કુરુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રો જ્યારે એક વાર પાપના પ્રવાહમાં ઊતર્યા જ છે ત્યારે ધર્મની સાથે સંધિ કરવી મિથ્યા છે, પાપને બારણે પાપ મદદ માગી રહ્યું છે. હે હતભાગી, વૃદ્ધ, હતબુદ્ધિ, દુર્બળ દ્વિધામાં પડીને તેં આ શું કર્યું ? રાજ્ય પાછું આપવાથી પણ પાંડવોના મનનો અપમાનનો ઘા રુઝાવાનો નથી, એ તો માત્ર અગ્નિમાં નવાં કાષ્ઠ હોમ્યા બરાબર છે. અપમાનિતના હાથમાં સત્તાનાં શસ્ત્ર સોંપવાં તે મરવા માટે. શક્તિ-શાળીને થોડું દુઃખ આપીને છોડી ન દેતો, દળી જ નાખજે. પાપની સાથે રમત કરીશ નહિ. જો તેને બોલાવી લાવે તો પછી તેને પૂરેપૂરું વધાવી જ લેજે." એ પ્રમાણે પાપબુદ્ધિ પિતૃસ્નેહરૂપે મારા કાનમાં ગુપચુપ કેટલીય વાતો તીક્ષ્ણ સોયની પેઠે ભોંકવા લાગી. પાંડવોને મેં પાછા કાઢ્યા. દ્યૂતની છલનાથી મેં તેમને લાંબા વનવાસે મોકલ્યા. હાય ધર્મ, હાયરે સ્વભાવ-બળ, સંસારનો મર્મ કોણ સમજે એમ છે ?

ગાંધારી

મહારાજ, ધર્મ કંઈ સંપદનો હેતુ નથી, એ કંઈ સુખનો ક્ષુદ્ર સેતુ નથી. ધર્મમાં જ ધર્મનો અંત છે. હું મૂઢ નારી સ્વામી, આપને ધર્મની વાત શું સમજાવવાની હતી ? બધું આપ સમજો છો. પાંડવો વનમાં જશે. પાછા વાળ્યા વળશે નહિ. તેઓ પ્રતિજ્ઞાથી બંધાયેલા છે. હવે આ રાજ્ય હે મહીપતિ, તમારું એકલાનું છે. આ ઘડીએ તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રનો ત્યાગ કરો. નિષ્પાપને દુઃખ દઈને પોતે પૂર્ણ સુખ ભોગવશો નહિ. ન્યાયધર્મને પૌરવ પ્રાસાદેથી વિમુખ ન કાઢશો. હે ધર્મરાજ, આજથી સુદુઃસહ દુઃખ ઉપાડી લો અને મારે માથે ચડાવો.

ધૃતરાષ્ટ્ર

હાય મહારાણી, તમારો ઉપદેશ સાચો છે, તમારી વાણી તીવ્ર છે.

ગાંધારી

અધર્મનું મધચોપડયું વિષફળ ઉપાડી લઈને પુત્ર આનંદથી નાચે છે, સ્નેહના મોહમાં ભૂલીને તેને તે ફળ ખાવા ન દેશો, છીનવી લો, ફેંકી દો, રડવા દો તેને. છલલબ્ધ, પાપસ્ફિત રાજ્યને, ધનને અને જનને પડયાં મૂકી તે પણ ભલે દેશવટે ચાલ્યો જતો, ભલે વંચિત પાંડવોનો સમદુઃખભાર વહેતો.

ધૃતરાષ્ટ્ર

ધર્મનું વિધાન વિધાતાના હાથમાં છે, તેઓ જાગ્રત છે, તેમનો ધર્મદંડ સદા ઉદ્યત હોય છે. હે મનસ્વિની, તેમના રાજ્યમાં તેમનું કાર્ય તેઓ કરશે. હું પિતા છું.

ગાંધારી

તમે રાજા છો, હે રાજ–અધિરાજ, વિધાતાનો વામ હસ્ત છો. ધર્મરક્ષાનું કામ તમને સોંપાયેલું છેઃ હું તમને પૂછું છું, જો તમારો કોઈ પ્રજાજન સતી અબળાને પારકા ઘરમાંથી ઘસડી લાવીને તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના દોષે અપમાન કરે તો તેને શી સજા કરશો ?

ધૃતરાષ્ટ્ર

દેશવટાની.

ગાંધારી

તો આજે બધી સ્ત્રીઓ વતી આંખમાં આંસુ સાથે હું રાજાને ચરણે ન્યાયની માગણી કરું છું. હે પ્રભુ, પુત્ર દુર્યોધન અપરાધી છે. હે રાજન, આપ પોતે એના સાક્ષી છે. પુરુષો પુરુષો વચ્ચે સ્વાર્થને કારણે રાતદિવસ ઝઘડા મચ્યા જ કરે છે. એના સારા–ખોટા–પણાની મને સમજ નથી. દંડનીતિ, ભેદનીતિ, કૂટનીતિ, એવી કંઈ સેંકડો પુરુષોની રીતિ પુરુષો જ જાણે છે. બળની સામે બળ, છળની સામે કંઈ જાત જાતનાં છળ, કૌશલની સામે કૌશલ ભટકાય છે. અમે તો દૂર રહીએ છીએ, અમારાં ઘરમાં, શાંત અંતઃપુરમાં. જે બહારના ઝઘડામાંથી ત્યાં અગ્નિ તાણી લાવે છે, પુરુષોને છોડીને અંતઃપુરમાં પ્રવેશીને ગૃહધર્મચારિણી નિરુપાય નારીના પવિત્ર દેહ ઉપર કલુષપરુષ સ્પર્શથી અસન્માનપૂર્વક જે હસ્તક્ષેપ કરે છે; પતિની સાથે વિરોધ જગાડી જે પુરુષ પત્નીને આઘાત કરીને તેનો બદલો લે છે, તે કેવળ પાખંડી નથી, તે તો કાયર છે. મહારાજ, તેને શી સજા હોય ? નિષ્કલંક પુરુવંશમાં પાપ જન્મે તો તે પણ સહન થાય, પરંતુ હે પ્રભુ, માતૃગર્વને જોરે મેં તો માન્યું હતું કે મારા ગર્ભમાં વીરપુત્રો જન્મ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. હાય નાથ, તે દિવસે જ્યારે અનાથ પાંચાલીના આર્ત કંઠસ્વરે લજ્જા, ઘૃણા અને કરુણાના તાપથી પ્રાસાદની પાષાણની ભીંતોને પિગાળી નાખો, ત્યારે મેં બારીએ દોડી જઈને જોયું, તો તેનાં વસ્ત્ર ખેંચીને સભામાં ગાંધારીના પુત્ર–પિશાચો ખડખડ હસતા હતા. ધર્મ જાણે છે કે તે દિવસે માતા તરીકેના મારા છેલ્લા ગર્વના જન્મભરને માટે ચૂરા થઈ ગયા. હે કુરુરાજ-ગણ, ભારતને છોડીને પૌરુષ ક્યાં ચાલ્યું ગયું? તમે, હે મહારથી, જડમૂર્તિની પેઠે એકબીજાના મોં સામે જોઈને બેસી રહ્યા, કોઈ હસ્યા, કોઈ કે કૌતુકથી કાન કરડ્યા. વજ્રખૂટી લુપ્ત વીજળીની પેઠે નિશ્ચલ તલવારો મ્યાનમાં ઊંઘતી હતી. મહારાજ, મહારાજ, સાંભળો આટલી વિનંતી. જનનીની લાજ દૂર કરો, વીરધર્મનો ઉદ્ધાર કરો, પદાહત સતીત્વનું ક્રંદન થંભાવો, અવનત ન્યાયધર્મનું સન્માન કરો, દુર્યોધન-નો ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર

હે મહારાણી, તમે પરિતાપના દાહથી જર્જર થયેલા હૃદય ઉપર કેવળ નિષ્ફળ આઘાત કરો છો.

ગાંધારી

સો ગણી વેદના, હે નાથ, શું મને નથી થતી? પ્રભુ, જેને દંડ દેવાતો હોય તેની સાથે દંડ દેનાર સમાન આઘાતથી રડતો હોય તે સર્વશ્રેષ્ઠ ન્યાય છે. જેને માટે પ્રાણને કશી વ્યથા થતી નથી તેવાને દંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો એ પ્રબળનો અત્યાચાર છે. જે દંડવેદના પુત્રને દઈ શકતા નથી તે કોઈને પણ દેશો નહિ. જે તમારો પુત્ર નથી તેને પણ પિતા છે, હે ન્યાયાધીશ, તેની આગળ તમે મહા અપરાધી ઠરશો. મેં સાંભળ્યું છે કે આપણે બધાં જ વિશ્વવિધાતાનાં સંતાન છીએ, તે નારાયણ સદા પોતાને હાથે પુત્રોનો ન્યાય તોળે છે, વ્યથા આપે છે, સાથે વ્યથા પામે છે, નહિ તો ન્યાય તોળવાનો તેમને અધિકાર જ ન રહે. હું તો મૂઢ નારી છું. મને તો મારા અંતરમાં આ શાસ્ત્ર મળેલું છે. હે મહારાજ, તમે પાપી પુત્રને અવિચારીપણે ક્ષમા કરશો તો આજ સુધી જે અસંખ્ય અપરાધી માણસોને તમે પાર વગરની સજા કરી છે તે બધી સજા, કરનાર રાજા ઉપર આવીને ઉતરશે, તમારા ન્યાયના ફેંસલા નિર્દયતારૂપે પાપ બનીને તમને કલંકિત કરશે. પાપી દુર્યોધનનો ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર

પ્રિયે, સંહરી લો, સંહરી લો તમારી વાણી. મોહપાશને હું તોડી શકતો નથી, ધર્મની વાતો માત્ર આવી આવીને વ્યર્થ સુકઠોર વ્યથા જન્માવે છે. પાપી પુત્ર વિધાતાને ત્યાજ્ય છે, એટલે કંઈ હું તેને નહિ ત્યજી શકું, હું જ એક એનો છું. જે પુત્રે ઉન્મત્ત તરંગોમાં ઝંપલાવ્યું છે તેને છોડી જતાં મારો જીવ કેમ ચાલે ? તેના ઉદ્ધારની આશા છોડી દઉં તોયે તેને પ્રાણપણે છાતી સરસો દાબી રાખું, તેની સાથે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપમાં ઝંપલાવીને પડું, એક જ વિનાશને તળિયે ડૂબીને બેધડક મરું, તેની દુર્ગતિમાં ભાગ પડાવું, તેની દુર્ગતિનાં અર્ધાં ફળ ભોગવું, એ જ મારું સાંત્વન છે. હવે કંઈ ન્યાય તોળવાનો વખત નથી, નથી કશો ઉપાય, નથી કશો માર્ગ. બનવાનું હતું તે બની ગયું, જે પરિણામ આવવાનું હશે તે આવશે.

(જાય છે)

ગાંધારી

ઓ મારા અશાંત હૃદય, તું શાંત થા. વિધિના વિધાનની નતમસ્તકે ધીરજપૂર્વક પ્રતીક્ષા કર્યા કર. સુદીર્ઘ રાત્રિ પછી જે દિવસે કાળ એકાએક જાગી ઊઠે છે, પોતાની ભૂલો સુધારે છે, તે દિવસ દારુણ દુઃખનો હોય છે. જેમ દુઃસહ ઉત્તાપથી ઊંઘમાં પડેલો વાયુ સ્થિર ગતિહીન બની જાય છે, અને એકાએક વાવાઝોડારૂપે જાગી ઊઠે છે, પોતાની જાત ઉપર આક્રમણ કરે છે, અંધ વીંછીની પેઠે ભયંકર પૂંછડી વતી પોતાનેજ માથે અવિરત દીસ વજ્ર જેવો ડંખ મારે છે, તેમ કાલ જ્યારે જાગે છે ત્યારે ભયથી બધા તેને અકાલ કહે છે. હે રમણી, તારું માથું ઝુકાવી દે, ઝુકાવી દે, અને તે મહાકાલને પ્રણામ કર, તેના રથચક્રનો ધ્વનિ દૂર રુદ્રલોકમાંથી વજ્ર જેવો ઘર્ઘરનાદ કરતો આ સંભળાય છે. તારું આર્ત જર્જર હૃદય તેની તળે બિછાવી રાખ. મૂંગે મોઢે નિમેષહીન નયને છિન્ન સિક્ત હૃત્પિંડના રક્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શતદલની અંજલી રચીને જાગતી બેસી રહે. ત્યાર પછી જ્યારે ગગનમાં ધૂળ ઊડશે, ધરણી કંપી ઊઠશે, આકાશમાં એકાએક ક્રન્દનધ્વનિ જાગશે, ત્યારે હે રમણી, હે અનાથા, હે વીરવધૂ, હે વીરમાતા, એ હાહાકાર વચ્ચે તું ધીરજપૂર્વક અવનત શિરે આંખો મીંચીને ધૂળમાં લોટી પડજે. ત્યાર પછી નમો નમઃ સુનિશ્ચિત પરિણામ. નિર્વાક, નિર્મમ, દારુણ કરુણ શાંતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો કલ્યાણ કઠોર કાંત સ્વરૂપને, સ્નિગ્ધતમ ક્ષમાને. વિદ્રેષના ભીષણ નિર્વાણને નમસ્કાર હજો. સ્મશાનની ભસ્મ લેપેલી પરમ મુક્તિને નમસ્કાર હજો.

(દુર્યોધનની મહારાણી ભાનુમતીનો પ્રવેશ)

ભાનુમતી

(દાસીઓ પ્રત્યે) ઇન્દુમુખી, પરભૃતે, માલ્યવસ્ત્ર-અલંકાર માથે ઉપાડી લો.

ગાંધારી

બેટા, ધીરી, ધીરી. પૌરવભવનમાં આજે શાનો મહોત્સવ છે? નવાં વસ્ત્રો અને અલંકારો સજીને ક્યાં જાય છે વહુ?

ભાનુમતી

શત્રુ–પરાભવની મંગળ ઘડી આવી પહોંચી છે.

ગાંધારી

પોતાનાં આત્મીય સ્વજન જેનાં શત્રુ હોય છે તેને તેનો આત્મા નિત્ય શત્રુ હોય છે, ધર્મ તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુ હોય છે, તેનો શત્રુ અજેય હોય છે. નવા અલંકાર ક્યાંથી આણ્યા કલ્યાણી?

ભાનુમતી

પોતાના ભુજબળથી વસુમતીને જીતીને પાંચાલીના પાંચ પતિઓએ તેને જે બધાં રત્નો અને અલંકારો આપ્યાં હતાં, યજ્ઞને દિવસે જે પહેરીને દ્રૌપદીના અંગમાંથી રત્નોનાં કિરણોની સેંકડો સોય વાટે સૌભાગ્ય–અહંકાર ઝગારતો હતો, અને જે કુરુકુલકામિનીને હૈયે ભોંકાતો હતો, તે રત્નોનાં આભૂષણોથી મને શણગારીને તેને વનમાં જવું પડ્યું.

ગાંધારી

અરે મૂઢ, તોયે તને શિખામણ ન લાગી? તે રત્નો લઈને તું આટલો અહંકાર કરે છે? આ તે કેવી ભયંકર કાંતિ, પ્રલયનો શણગાર! યુગાન્તની ઉલ્કાની પેઠે આ રત્નનાં ઝાંઝર તને આજે દઝાડતાં નથી? આ રત્નલલાટિકા તો તારા સૌભાગ્યની વજ્રાનલશિખા છે. તને જોઈને મારે અંગે ત્રાસનાં સ્પંદન સંચાર પામે છે, મારા ચિત્તમાં ક્રંદન જાગે છે, તારા અલંકારો મારા શંકિત કાનોમાં ઉન્માદિની શંકરીના તાંડવ ઝંકાર જગાવે છે.

ભાનુમતી

માતા, આપણે ક્ષત્રિય સ્ત્રીઓ છીએ, દુર્ભાગ્યથી કદી ડરીએ નહિ. કદી જય, કદી પરાજય, ક્ષત્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિમાનો સૂર્ય તો કદી મધ્યાહ્ન ગગનમાં હોય છે તો કદી અસ્તાચળે હોય છે. હે માડી, આપણે ક્ષત્ર-વીરાંગના એ સંભારીને શંકાના પેટમાં રહેવા છતાં ક્ષણભર પણ સંકટથી ડરતી નથી. કોઈ વાર પડતા દહાડા આવ્યા, કોઈ આફત ઊતરી આવી, તો તે વખતે વિમુખ ભાગ્યનો ઉપહાસ કરતાં કરતાં કેવી રીતે મરવું તે પણ મને આવડે છે, અને કેમ જીવવું તે પણ આપના શ્રીચરણની સેવા કરીને મેં શીખી લીધું છે.

ગાંધારી

બેટા, અમંગળ તારી એકલીનું નથી. તે જ્યારે પોતાના લાવલશ્કર સાથે ભૂખ શમાવે છે ત્યારે હાહાકાર ઊઠે છે, કેટલાય વીરોના રક્તના પ્રવાહમાં વિધવાની અશ્રુધારા આવી આવીને પડે છે, વધૂનાં હાથ પરથી સેંકડો અલંકારો ખરી પડે છે—ઝંઝાવાતથી આમ્રકુંજ વનમાં જાણે મંજરી. વત્સે, બાંધેલો સેતુ તોડીશ નહિ. રમતને બહાને ઘરમાં વિપ્લવનો કેતુ ખડો કરીશ નહિ. આજે આનંદનો દિવસ નથી, સ્વજનના દુર્ભાગ્ય ઉપર અંગે અંગે શણગાર સજીને ગર્વ કરીશ નહિ, મા. આજથી સુસંયત થઈને શુદ્ધ ચિત્તે ઉપવાસવ્રતનું આચરણ કર, વેણી ખોલી નાખીને શાંત મને દેવતાની અર્ચના કર. બેટા, આ પાપ-સૌભાગ્યને દિવસે ગર્વ અને અહંકારથી વિધાતાને ક્ષણે ક્ષણે લજ્જા દઈશ નહિ: કાઢી નાખ આ અલંકારો અને નવું રક્તાંબર, થંભાવી દે ઉત્સવનાં

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાજાં અને રાજઆડંબર. પુત્રી, અગ્નિગૃહમાં જા, પુરોહિતને બોલાવ, શુદ્ધસત્ત્વચિત્તે કાળની પ્રતીક્ષા કર.

(ભાનુમતી જાય છે.)

(દ્રૌપદી સાથે પાંચ પાંડવોનો પ્રવેશ)

યુધિષ્ઠિર

વિદાય વેળાએ આશીર્વાદ માગવાને આવ્યાં છીએ, માતા.

ગાંધારી

હે વત્સગણ, સૌભાગ્યનો દિનમણિ દુઃખ રાત્રિનું અવસાન થતાં બમણો ઉજ્જવળ થઈને ઊગશે. હે મારા દુઃખવ્રતી પુત્રો, તમે વાયુમાંથી બળ, સૂર્યમાંથી તેજ, પૃથ્વીમાંથી ધૈર્ય અને ક્ષમા પામજો. દૈન્યમાં લક્ષ્મી દીન છૂપે રૂપે નિરંતર ગુપ્ત રીતે તમારી પાછળ ફરતી રહો, અને તમારે માટે દુઃખમાંથી અક્ષય સંપત્તિનો સંચય કરો. તમારો દેશવટો સદા નિર્ભય હો. વગર પાપે આવી પડેલો આ દુઃખભોગ તમારા અંતરમાં વહ્નિશિખાથી તપેલા દીપ્ત સુવર્ણ સમું જ્વલંત તેજ પેદા કરો. એ મહા દુઃખ જ તમને મહાન સહાયરૂપ થઈ પડશે. એ દુઃખના તો ધર્મરાજ વિધાતા તમારા ઋણી થઈને રહેશે, અને તેઓ જ્યારે પોતાને હાથે આત્મઋણ ફેડશે ત્યારે જગતમાં દેવ કે માનવમાંથી કોણ તમારા માર્ગમાં આડું ઊભું રહે એમ છે? પુત્રથીયે વધુ એવા હે પુત્રો, મારા પુત્રે જે કંઈ અપરાધ કર્યા છે તે બધા મારા આશીર્વાદથી ફોક થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઓ. અન્યાય પીડન ગંભીર કલ્યાણ – સિંધુનું મંથન કરો.

(દ્રૌપદીને આલિંગન કરીને)

ધૂળમાં રોળાયલી સુવર્ણલતા, ઓ મારી દીકરી, ઓ મારી રાહુગ્રસ્ત ચંદ્રલેખા, એક વાર માથું ઊંચું કર, મારા બોલ સાંભળ, જેણે તારી અવમાનના કરી છે તેનું અપમાન જગતમાં કાયમ રહેશે, તેનું કલંક અક્ષય બનશે. કાયરતાને હાથે થયેલી સતીની લાંછના-રૂપી તારા અપમાનનો રાશિ જગતની બધી કુલાંગનાઓએ વહેંચી લીધો છે. જા બેટા, પતિ સાથે અમલિન મુખે રહી અરણ્યને સ્વર્ગ બનાવજે, દુ:ખને સુખમાં પલટી નાખજે. વહુબેટા, પતિના દુ:ખની સુદુ:સહ વ્યથા હૈયે ધારણ કરીને સતીત્વની સાર્થકતાને પામજે. રાજમહેલમાં તો રાતદિવસ હજારો સુખની સામગ્રી હોય છે, વનમાં તું એકલી જ સર્વ સુખ, સર્વ સંગ, સર્વ ઐશ્વર્યરૂપ, સર્વ સાંત્વના અને સર્વ આશ્રયરૂપ, કલાંતિમાં આરામ અને શાંતિ, વ્યાધિમાં શુશ્રૂષા, દુર્દિનમાં શુભ લક્ષ્મી, તમોમયી રાત્રિના આભૂષણરૂપ મૂર્તિમતી ઉષા બની રહેશે, તું એકલી સર્વપ્રીતિ અને સર્વ સેવારૂપ, જનની, ગૃહિણી, બનીને સતીત્વના શ્વેતપદ્મ સમી સંપૂર્ણ સૌરભથી શત પાંખડીએ પ્રફુલ્લીને ગૌરવ પૂર્વક જાગતી રહેશે.

૧૮૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સતી

અમાબાઈ

પિતા.

વિનાયકરાવ

પિતા ! હું તારો પિતા ! પાપિષ્ટા, સ્વેચ્છાચારી. યવનના ઘરમાં પેસી મ્લેચ્છના ગળામાં માળા પહેરાવી, કુલકલંકિની. હું તારો પિતા !

અમાબાઈ

અધર્મ યુદ્ધમાં જીતીને તમે પોતાને હાથે મારા પતિનો વધ કર્યો, તેમ છતાં હે પિતા, તમે પિતા છો ! રખેને વિધવાના અશ્રુપાતથી તમારે શિરે મહાન શાપ ઊતરે, એ બીકે મેં દુઃસહ સંતાપ આ છાતીના પંજરમાં રૂંધી રાખ્યો છે. તમે પિતા, હું કન્યા, બહુ દિવસ પછી આપણો બેનો ભેટો થયો. સમરાંગણમાં ભયંકર મધ્યરાત્રિને સમયે પિતા, તમારે ચરણે પ્રણામ કરી, ચરણરજ માથે ચઢાવી હું વિદાય લઈશ. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે કન્યાને ક્ષમા ન આપી શકો તો હું, હે પિતૃદેવ, તમારે માટે વિધાતાની ક્ષમા યાચું છું.

વિનાયકરાવ

ક્યાં જઈશ અમા ? ધિક્ એ અશ્રુને. અરે ઓ દુર્ભાગી નારી, જે વૃક્ષ ઉપર તેં ધર્મનો વિચાર કર્યા વગર માળો બાંધ્યો હતો તે તો વજ્રાઘાતથી બળી ગયું, તારે નથી આ લોક કે નથી પરલોક, ક્યાં જઈશ ?

અમાબાઇ

પુત્ર છે.

વિનાયકરાવ

છો રહ્યો પુત્ર, હવે પાછળ ફરીને જોઈશ નહિ, પાપના ભગ્નાવશેષ તરફ. આજ રાતે શોણિતતર્પણથી તારું અંતિમ પ્રાયશ્ચિત્ત થઈ ગયું છે,—હવે કદી તારે યવનના ઘરમાં પેસવાની વાત જ છોડી દેવી. બોલ, ત્યારે ક્યાં જવું છે આજ ?

અમાબાઈ

હે નિર્દય, પિતા કરતાં વધુ સ્નેહમય મૃત્યુ બેઠું છે. યમરાજ બેઠા છે, જેમને ખુલ્લે બારણેથી કોઈ આશ્રય માગીને પાછું ફર્યું નથી.

વિનાયકરાવ

મૃત્યુ ? બેટા, હા દુષ્ટાચારી. પરમ પાવક નિર્મળ ઉદાર મૃત્યુ બધાં પાપોને ગળી જાય છે--સિંધુ જેમ બધી નદીઓના બધા કાદવને. તે સુગભીર મૃત્યુ જ તારી મુક્તિ અને ગતિ છે. પણ તે મૃત્યુ આજે નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં નહિ. તો ચાલ દૂર તીર્થસ્થાનમાં, સલજ્જ સ્વજન અને સક્રોધ સમાજને છોડીને અને કલંક, ભય અને લજ્જાને જન્મભૂમિની ધૂળમાં ફેંકી દઈને. ત્યાં ગંગાતીરે નવીન નિર્મળ વાયુ વાતો હશે; સ્વચ્છ પુણ્ય નીરમાં ત્રિસંધ્યાસ્નાન કરી, દૂર દૂરના મંદિરમાંથી સંધ્યાવાયુમાં તણાઈ આવેલો આરતિધ્વનિ સાંભળીને, નિર્જન કુટિરમાં, શાંત મને શિવ શિવ શિવ નામનો જાપ કરીશું—ક્યારેક એક દિવસે આવરદા પૂરો થતાં, મૃત્યુ તને ગુપચુપ લઈ લેશે,—પતિત કુસુમને ઉપાડી લઈ, તેનો પંક ધોઈ નાખી ગંગા જેમ તેને સાગરને ચરણે પૂજા-ઉપહાર ચડાવે છે તેમ.

અમાબાઈ

મારો પુત્ર !

વિનાયકરાવ

તેની વાત છોડ. અતીત-નિર્મુક્ત પવિત્રતા તને ધોઈ નાખો. તરતના જન્મેલા બાળકસમી એ દીકરી, તું વિસ્મૃતિમાતાના ગર્ભમાંથી ફરી વાર મારા પિતાના-ખોળામાં આવ. નવા દેશમાં, નવી તરંગિણીને તીરે, મારી નવી કુટિરમાં તું શુભ્ર હાસ્યપૂર્વક તારે કન્યાને કલ્યાણમય હસ્તે દીવો પેટાવજે.

અમાબાઈ

પતિશોક ભડભડી રહ્યો છે, વિશ્વ છાયાસમું લાગે છે, તમારા શબ્દો દૂર દૂરથી ક્ષીણ અસ્પષ્ટરૂપે કાને પડે છે, હૃદયમાં પ્રવેશતા નથી. છોડી દો, મને છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો. મારા પતિના લોહીથી સીંચાયેલા સ્નેહપાશમાં મને બાંધશો નહિ.

વિનાયકરાવ

કન્યા પિતાની હોતી જ નથી. ડાળીએથી ખરેલું પુષ્પ પાછું ડાળીને વળગતું નથી. પણ હું તને પૂછું છું કે લાજવગરની, તું કોને પતિ કહે છે? કપોતને લૂંટીને જેમ બાજ કપોતવધૂને પોતાના મ્લેચ્છ માળામાં લઈ જાય છે તેમ જે દુષ્ટ મ્લેચ્છ તને જીવાજીના પ્રસારેલા વરહસ્તમાંથી વિવાહની રાતે ઝૂંટવી લઈ ગયો તે દુષ્ટ લૂંટારાને તું પતિ કહે છે! તે રાત તને યાદ છે ખરી? લગ્નમંડપમાં બધાં ઉત્સુક અંતરે બેઠાં હતાં, શુભ મુહૂર્ત જવા બેઠું હતું, સૌ કોઈ જીવાજી કેમ આવતો નથી, એમ પૂછતું હતું, વાટ તરફ જોતું હતું. એવામાં મધ્યરાત્રિના ભાલ ઉપર મશાલનો રાતો પ્રકાશ દેખાયો, વાજાંના અવાજ સંભળાયા. હર્ષથી અંતઃપુરમાં હુલુધ્વનિ ગાજી ઊઠ્યો. સોસો પાલખીઓએ આંગણામાં પ્રવેશ કર્યો; ક્યાં છે? જીવાજી ક્યાં છે? એમ પૂછ્યું ન પૂછ્યું ત્યાં તો વાવાઝોડાની પેઠે એકાએક કોલાહલથી સૌને દિંગ્મૂઢ બનાવી દઈને એક ક્ષણમાં તારું અપહરણ કરીને કોઈ ક્યાંક અલોપ થઈ ગયું. ઘડી પછી નીચે માથે બંધનમુક્ત જીવાજી ધીરે ધીરે આવ્યો. સાંભળ્યું કે શી રીતે તેને રસ્તામાં કેદ કરીને, તેની દીપમાળા લઈને, તેના રથમાં બેસીને, તેનો વરનો વેશ ઉતારીને પહેરી લઈને બિજાપુરના યવનનો દરબારી લૂંટી ગયો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર રાત્રિએ હોમાગ્નિનો સ્પર્શ કરીને મેં જીવાજીની સાથે પ્રતિજ્ઞા કરી કે લૂંટારુંનું લોહી રેડીને આનો બદલો લઈશ. ઘણે દિવસે તે પ્રતિજ્ઞામાંથી મુક્ત થયો છું. મધરાતના યુદ્ધમાં પ્રાણ અર્પીને જીવાજી વીરની સદ્‌ગતિને પામ્યો છે. અરે વિધવા, તે તારો પતિ,— પેલો લૂંટારો તો ધર્મનો નાશ કરનાર.

અમાબાઈ

ધિક્કાર છે પિતાજી, ધિક્કાર છે. તમે મારા પતિનો વધ કર્યો છે, તેના કરતાં પણ વધુ મર્મભેદક છે આ તમારું મિથ્યા–વચનબાણ. તમારા ધર્મની દૃષ્ટિએ હું પતિત થઈ છું; તોય મારો ધર્મ ઉજ્જ્વળ છે. હું પત્ની છું, સેવાદાસી નથી. હું તેમને શ્રદ્ધાપૂર્વક વરમાળા પહેરાવીને વરી હતી, પતિના સંતાનને મેં મારા ગર્ભમાં ધારણ કર્યું હતું — હું કંઈ બળાત્કારને વશ થઈ નહોતી. એક દિવસે રાતે ગુપ્ત દૂતને હાથે અંતઃપુરમાં મને બે પત્રો મળ્યા હતા તે મને યાદ છે. તમે માત્ર એટલું જ લખ્યું હતું કે 'તેને છરો માર.' માએ લખ્યું હતું, 'પત્રમાં વિષ મોકલ્યું છે તે પી જજે.' જો બળાત્કારે કબજો લઈને અસહાય દશામાં કોઈએ સતીધર્મ ઝૂંટવી લીધો હોત તો શું આટલા દિવસ સુધી તમારા તે આદેશનું પાલન થયું ન હોત ? મેં વીરને ચરણે હૃદયસમર્પણ કર્યું હતું. યવન અને બ્રાહ્મણ એ કોનો કરેલો ભેદ છે ? એ ધર્મનો કરેલો નથી. અંતરના અંતર્યામી જ્યાં જાગ્રત હોય છે ત્યાં બંને સમાન છે. તેમ છતાં મહીંમહીંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર જાગી ઊઠતો; કોઈક દિવસે કદીક નિગૂઢ ઘૃણાનો જુસ્સો વેગપૂર્વક શિરામાં વીજળીનો આંચકો લગાવતો, એકાબૂ શરીર સંકોચથી સંકોડાઈ જતું; પરંતુ તેના ઉપર પણ સતીત્વનો જય થયો છે. પૂર્ણ ભક્તિપૂર્વક મેં પતિની પૂજા કરી છે; પવિત્ર અંતઃકરણપૂર્વક હું યવની બની છું; હું પતિત રમણી નથી. પરિતાપ અને અપમાનથી ઝૂકી પડેલા શિરે મારા પતિના ધર્મને છોડીને અપરાધીની પેઠે હું બીજા ધર્મમાં જવાની નથી. આ શું, આ શું? નિશીથની ઉલ્કાની પેઠે આ કોને મુક્તકેશે દોડી આવતી જોઉં છું.

(રમાબાઈનો પ્રવેશ)

મારી જનની, આ જનમમાં કદી પાછો મેળાપ થશે એમ મેં ધાર્યું નહોતું. ઓ મા, મા, જનની, તારી ચરણરજ આપ.

રમાબાઈ

અડીશ નહિ, યવની, પાપણી.

અમાબાઇ

કશું પાપ નથી મારા દેહમાં—તમારા જેવો જ નિર્મળ છે.

રમાબાઈ

યવનના ઘરમાં તારો ધર્મ તેં કોને સમર્પી દીધો?

અમાબાઈ

પતિને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાબાઈ

પતિને ! મ્લેચ્છ, તે તારો પતિ ! ખબર છે પતિ કોને કહે છે ! દુષ્ટા, ભ્રષ્ટા ! પતિ તો સ્ત્રીની એકમાત્ર ગતિ, એકમાત્ર ઈષ્ટદેવ. મ્લેચ્છ મુસલમાન બ્રાહ્મણ કન્યાનો પતિ ! દેવતા સમો !

અમાબાઇ

ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મ્યા છતાં મેં કદી યવનની ઘૃણા કરી નથી. મન, વાણી અને કર્મથી પતિ તરીકે પૂજા કરી છે. મારી ઘૃણા કરે એવી સતી કોણ છે ? મા, તારા કરતાં હું હીન નથી. સતીના સ્વર્ગલોકમાં જ મને સ્થાન મળશે.

રમાબાઈ

તું સતી !

અમાબાઈ

હું સતી.

રમાબાઈ

અસંકોચે મરતાં આવડે છે ?

અમાબાઇ

આવડે છે.

રમાબાઇ

તો ચેતાવ ચિતાગ્નિ. પેલો તારો સ્વામી સમરાંગણમાં પડ્યો.

અમાબાઈ

જીવાજી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાબાઈ

જીવાજી. તારો વાગ્દત્ત પતિ. તેની ભસ્મમાં આજે તારી ભસ્મ ભેળવવી પડશે. વિવાહરાત્રિની નિષ્ફળ હોમાગ્નિશિખા સ્મશાનભૂમિના ભૂખ્યા ચિતાગ્નિરૂપે જાગી ઊઠી છે. આજે રાત્રે તે રાત્રિની અસમાપ્ત ક્રિયા સમાપ્ત થશે.

વિનાયકરાવ

જા બેટા, પાછી જા, તારા પુત્ર પાસે, તારા શોકતપ્ત માળામાં. મારું દારુણ કર્તવ્ય મેં સંપૂર્ણપણે પાળ્યું છે,—તું જા. અરે પ્રિયા, વૃથા દુઃખ કરે છે. જે નવી શાખાને આપણા વૃક્ષમાંથી કઠણ કુઠારથી છેદીને વનાંતરની છાયામાં લઈ જવામાં આવી હતી તે ત્યાં જો સુકાઈ સુકાઈને મરી જાત તો તેને અગ્નિમાં નાખી દેત, પણ તે તો ફળફૂલથી, નવપ્રાણથી વિકસી છે, નવી ધરતીમાં નવાં નવાં મૂળ ફેલાવીને. ત્યાં તેનો પ્રેમ છે, ત્યાંનો ધર્મ તેનો છે, ત્યાંની રીત તેની છે. અંતરનું સંબંધસૂત્ર જ્યારે તૂટી ગયું છે ત્યારે હવે તારા નિયમના પાશરૂપી નિર્જીવ બંધન તેને ધર્મપૂર્વક બાંધી શકતું નથી, બળપૂર્વક બાંધે છે. છોડી દે, છોડી દે. જા બેટા, ચાલી જા. જા, તારા ઘરમાં પાછી જા. જા તારા સ્નેહપ્રીતિભર્યા સંસારમાં, અભિનવ ધર્મક્ષેત્રમાં. આવ પ્રિયે, આપણે બંને તીર્થધામમાં ચાલ્યાં જઈએ, માયામોહને તોડીને અને સંસારનાં સુખદુઃખની ઘટમાળને છોડીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાબાઈ

તે પહેલાં મારા સંસારમાંથી જેટલા પાપના અંકુર જન્મ્યા છે તેને કાપી નાખીશ. મારા ગર્ભની લજ્જા ફેડીને જઈશ. કન્યાની અપકીર્તિથી માતાના સતીત્વને જાણે કલંક લાગે છે. તે કલંકની કાળી ટીલીને ચિતાગ્નિ પેટાવીને ઉજ્જવળ બનાવી દઈશ—જાણે અગ્નિમાં અંગારો. પુત્રીની સતી તરીકે કીર્તિ ફેલાવીશ, પુત્રીની ભસ્મ ઉપર આ સ્મશાનભૂમિમાં સતીમઠ ચણાવીશ.

અમાબાઈ

લોકલાજ અને લોકખ્યાતિનો ત્યાગ કરો. હે જનની! આ સમાજ નથી, આ તો મહાન સ્મશાન-ભૂમિ છે. અહીં પુણ્યપાપને લોકોના મુખનાં વચનોથી માપશો નહિ. મૃત્યુના પ્રકાશમાં સત્યનાં પ્રત્યક્ષ દર્શન કરો. હું સતી છું. લોકો મારી ઘૃણા કરે તોયે હું સતી છું. માતા થઈ ને તમે નિર્દોષ કન્યાને મૃત્યુના મિલનમાં પરપુરુષ સાથે બાંધશો તો, લોકો તો તમને ધન્યવાદ આપશે, પણ માતા સદાને માટે સ્મશાનના અધીશ્વરની આગળ અપરાધી બની રહેશે.

રમાબાઈ

ચેતાવો ચિતા, સિપાઈઓ! આવીને ઘેરી લો કેદીને.

અમાબાઈ

પિતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાયકરાવ

ડરીશ નહિ, ડરીશ નહિ. હાય વત્સે, માતાના હાથથી રક્ષણ કરવા તારે આજે પિતાને બૂમ પાડવી પડી. જે હાથ વડે મેં તને છાતીસરસી બાંધી રાખી હતી, હાય કોને ખબર હતી કે, તે જ હાથ વડે ધર્મનું રક્ષણ કરવાને, દોષિતને દંડ દેવાને એક દિવસે, ઓ દીકરી, મારે તારું સૌભાગ્યસૂત્ર કાપવું પડશે.

અમાબાઈ

પિતા.

વિનાયકરાવ

આવ બેટા. આચારવિચાર મિથ્યા છે. પુત્રને સાથે લઈને ઓ મારી દીકરી, મારી પોતાની લક્ષ્મી, આવ મારી સાથે. સમાજ કરતાં હૃદયનો નિત્યધર્મ સદા સાચો હોય છે. પિતૃસ્નેહ દેવતાની દૃષ્ટિસમો નિર્વિચાર અને નિર્વિકાર હોય છે. મારી દીકરીને તે શુભ સ્નેહથી કોણ વંચિત કરી શકે એમ છે?—કયું શાસ્ત્ર, કયો માણસ, કયો સમાજનો મિથ્યા વિધિ, કયો તુચ્છ ભય?

રમાબાઇ

ક્યાં જાય છે? પાછી ફર, ઓ પાપિષ્ટા. પેલો જો, જેણે તારે માટે યુદ્ધભૂમિમાં પ્રાણ અર્પ્યા છે, તેનું પ્રાણદાન નિષ્ફળ નહિ થાય, વરને વેશે તારો મૃત્યુપૂત હાથ પકડીને તે તને શૂરસ્વર્ગમાં સાથે લઈ જશે. સાંભળો, સૌ વીરો, તમો બધા જીવાજીના વફાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવકો છો, આ તેમની વાગ્દત્તા વધૂ છે, બધા મળીને ચિતાનલમાં એમનું મિલન કરાવી દો. સ્વામીનું કાર્ય પૂરું કરો.

સૈનિકો

ધન્ય પુણ્યવતી.

અમાબાઈ

પિતા !

વિનાયકરાવ

છોડી દો તમે લોકો.

સૈનિક

જે આ સ્ત્રીના પતિ છે તેની અભિલાષા અમે પૂરી કરીશું.

વિનાયકરાવ

સ્વધર્મી યવન એનો પતિ છે.

સેનાપતિ

સૈનિકો, બાંધો વૃદ્ધ વિનાયકને.

અમાબાઈ

મા, પાપિષ્ટા, પિશાચિની.

રમાબાઈ

તમે મૂઢ બેઠા બેઠા શું કરો છો ? વગાડો વાજાં, કરો જયધ્વનિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિકો

જય, જય.

અમાબાઇ

નારકિણી.

સૈનિકો

જય, જય.

રમાબાઇ

આખા વિશ્વમાં જાહેર કરો કે અમા સતી થઈ.

અમાબાઇ

જાગો, જાગો, ધર્મરાજ જાગો સ્મશાનના અધીશ્વર તમે આજ જાગો. જુઓ, ક્ષુદ્ર શત્રુ તમારા મહારાજ્યમાં ઉત્પાત મચાવે છે. જાગો, દેવદેવ, તેને વજ્રનો આઘાત કરો. તમારા નિત્યધર્મને ક્ષુદ્રધર્મ કરતાં સદા જયી બનાવો.

રમાબાઇ

બોલો, જય પુણ્યવતી, બોલો, જય સતી.

સૈનિકો

જય, જય પુણ્યવતી.

અમાબાઇ

પિતા, પિતા, મારા પિતા.

સૈનિકો

ધન્ય ધન્ય સતી.

(૨૦ મી કાર્તિક, ૧૩૦૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

નરકવાસ

નેપથ્યમાં

ક્યાં જાઓ છો, મહારાજ ?

સોમક

કોણ બોલાવે છે મને, દેવદૂત ?

દેવદૂત

મેઘલોકમાં ઘન અંધકારને લીધે કશું દેખાતું નથી, અહીં ક્ષણભર તમારો સ્વર્ગરથ થોભાવો.

નેપથ્યમાં

હે નરપતિ, ઊતરી આવો. ઊતરી આવો હે સ્વર્ગના યાત્રી.

સોમક

તું કોણ છે ? ક્યાં છે ?

નેપથ્યમાં

એ તો હું ઋત્વિક, મર્ત્ય લોકનો તમારો પુરોહિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમક

ભગવન્, જાણે અખિલ વિશ્વનાં અશ્રુએ બાષ્પ બનીને આ મહા અંધકારમય લોકને સરજ્યો છે. સૂર્ય, ચંદ્ર અને તારા વિહોણો ઘનીભૂત શોક દુઃસ્વપ્નની પેઠે નિઃશબ્દપણે નભસ્તલને ચાંપી રહ્યો છે. અહીં કેમ થયું તમારું આગમન ?

પ્રેતગણ

સ્વર્ગના પંથની પડખે આવેલો આ વિષાદલોક છે, આ નરકપુરી છે. અહીંથી સદા નંદનવનનો પ્રકાશ દૂરથી દેખાયા કરે છે, સ્વર્ગના યાત્રીઓ રાતદિવસ જતા હોય છે, અમારાં ઇર્ષ્યાજર્જર નેત્રોની નિદ્રા રથચક્રના ધ્વનિથી ઉડાડી દે છે, નીચે ધરણીની વન-ભૂમિ મર્મરધ્વનિ કરતી હોય છે, સાત સાગરો સદા ગીત ગાતા હોય છે, તેનો કલધ્વનિ અહીંથી સંભ-ળાયા કરે છે.

ઋત્વિક

મહારાજ, ઊતરો તમારા દેવરથમાંથી.

પ્રેતગણ

ક્ષણભર અમારી વચ્ચે થોભો એવી અમ હત-ભાગીઓની ક્ષુદ્ર પ્રાર્થના છે. પૃથ્વીનાં અશ્રુના કણ હજી તમારે શરીરે લાગેલા છે—જાણે તરતનાં તોડેલાં પુષ્પ ઉપર વનની ઝાકળ ધરતીના ઘાસની સુગંધ અને ફૂલ, પત્ર, શિશુ, નારી, બંધુ, ભાઈ, તેમજ છ ઋતુનાં અનેક રજનીદિનનાં વિચિત્ર મધુર સુખોની સૌરભ તમે વહી લાવ્યા છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમક

ગુરુદેવ, પ્રભો, આ નરકમાં તમારો વાસ શાથી ?

ઋત્વિક

તમારા પુત્રનો મેં યજ્ઞમાં બલિ આપ્યો હતો, તે પાપને કારણે મારી આ ગતિ થઈ છે, મહારાજ.

પ્રેતગણ

તે વાત કહો, હે નરપતિ, પૃથ્વીની વાત કહો. પાપનો ઈતિહાસ આ ઘડીએ પણ હૃદયમાં કૌતુકનો ઉલ્લાસ જગાડે છે. તમારા કંઠમાં મર્ત્ય રાગિણીની બધી મૂર્છના અને સુખદુઃખની કહાણીનું કરુણ કંપન રહેલાં છે. માનવ ભાષામાં તમારી વાત કહો

સોમક

હે છાયાદેહધારીઓ, મારું નામ સોમક, વિદેહનો રાજા. બહુ વર્ષો સુધી દેવ, દ્વિજ અને યતિને આરાધીને, અનેક યજ્ઞયાગો કરીને વૃદ્ધ વયે હું એક પુત્ર પામ્યો હતો. તેના સ્નેહમાં હું રાત દિવસ મારી જાતને પણ વીસરી ગયો હતો. તે મારો બાળક સમસ્ત સંસાર-રૂપી સમુદ્રના મંથનમાંથી મળેલા અમૃત સમાન હતો. મારી ડાંખળીએ તે એકના એક શ્વેતપદ્મ સમો મારા આખા જીવનને સંપૂર્ણપણે આવરી રહેલો હતો. મારું હૃદય તેના મુખ ઉપર ઝૂકેલું હતું--જાણે ધરતીને ટીકી રહેલો સૂર્ય. પદ્મપત્ર જેમ હિમબિંદુને ખૂબ બીતું બીતું માથે ધારણ કરી રાખે છે, તેમ મેં તેને રાખ્યો હતો. સુકઠોર ક્ષાત્રધર્મ અને રાજધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા સ્નેહ તરફ રોષભરી આંખે જોઈ રહેતા, દેવી વસુંધરા ઉપેક્ષાના અપમાનથી વિહ્વળ બની જતાં, રાજલક્ષ્મીના મોં ઉપર પણ લજ્જા છવાઈ જતી.

એક દિવસ રાજસભામાં હું અમાત્ય સાથે રાજ-કાજમાં નિમગ્ન હતો, એવે સમયે અંતઃપુરમાંથી બાળકનું રુદન મારે કાને પડ્યું. સિંહાસન છોડીને બધું કામ પડતું મૂકીને હું એકદમ દોડી ગયો.

ઋત્વિક

તે જ ક્ષણે હાથમાં ધાન્યદુર્વા લઈને રાજાને આશી-ર્વાદ આપવા માટે મેં રાજપુરોહિતે રાજસભામાં પ્રવેશ કર્યો. વ્યગ્રતામાં ને વ્યગ્રતામાં મને હડસેલીને રાજા ચાલ્યા ગયા, અર્ધ્ય ભૂમિ ઉપર પડી ગયો. મારું બ્રાહ્મણનું અભિમાન ભભૂકી ઊઠ્યું. ક્ષણ વાર પછી રાજા લજ્જિત અંતરે પાછા આવ્યા. મેં તેમને પૂછ્યું, કહો રાજન, એવો તે શો અનર્થ થયો હતો અથવા દુર્દૈવ ઘટના બની હતી કે જેથી અંધ અવજ્ઞાપૂર્વક બ્રાહ્મણને હડસેલીને, રાજકાર્યને પડતું મૂકીને, ન્યાય માગતી પ્રજાની દાદ સાંભળ્યા વિના, પરરાષ્ટ્રમાંથી આવેલા રાજદૂતો સાથે સંભાષણ કર્યા વગર, સામંતો અને રાજાઓને આસન આપ્યા વગર, પ્રધાન અમા-ત્યોને રાજ્યની ખબર પૂછ્યા વગર, અતિથિ સજ્જન અને ગુણીજનો પ્રત્યે શિષ્ટાચાર કર્યા વગર બાળકનું ક્રંદન સાંભળી ગાંડા જેવા બનીને કવેળાએ અંતઃપુરમાં દોડી ગયા ? ધિક્કાર છે તમને મહારાજ. તમારા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્ખતાભર્યા આચરણથી આખો ક્ષત્રિય સમાજ લાજનો માર્યો નીચું ઘાલી ગયો છે. તમને શિશુના ભુજપાશમાં બંદી થઇને પડેલા જોઈને દેશેદેશમાં બધા શત્રુઓ હસે છે, મિત્રો નીરવ સંકોચપૂર્વક છાનાં અશ્રુ લૂછે છે.

સોમક

બ્રાહ્મણનો એ તીવ્ર તિરસ્કાર સાંભળીને સભા અવાક્ થઈ ગઈ. ગુણીજનો, રાજાઓ, પ્રજાજનો, દરબારીઓ, રાજદૂતો બધા ભયપૂર્ણ કુતુહલ-પૂર્વક મૂંગે મોઢે મારી સામે જોઈ રહ્યા. રોષાવેશથી ક્ષણભર મારું લોહી ઊકળી આવ્યું, પણ બીજી જ ક્ષણે લજ્જાએ આવીને દૃપ્ત રોષસર્પને માથે એકદમ પદાઘાત કર્યો. ગુરુને ચરણે પ્રણિપાત કરીને વિનમ્ર વિનયપૂર્વક મેં કહ્યું, 'હે ભગવન એક પુત્રથી મને શાંતિ નથી, ભયમાં ને ભયમાં દિવસો જાય છે. તેથી મોહવશ થતાં અપરાધ થઈ ગયો છે, ક્ષમા યાચું છું. બધા મંત્રીઓ અને રાજાઓ, તમો સાક્ષી રહેજો. હવે કદી હું રાજાના કર્તવ્યનું ઉલ્લંઘન કરીને ક્ષત્રિય–ગૌરવને હલકું નહિ પડવા દઉં.'

ઋત્વિક

કુંઠિત આનંદથી સભા નીરવ રહી. વિદ્વેષનો તાપ અંતરમાં સંઘરીને કેવળ હું જ બોલ્યો, 'એક પુત્રનો શાપ દૂર કરવા ઇચ્છતા હો તો તેનોયે ઉપાય છે, પણ તે કામ કઠણ છે. તમારાથી તે થશે કે નહિ એ વિષે મને શંકા છે.' એ સાંભળીને મહારાજે ગર્વપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, 'હું તમારાં ચરણકમળનો સ્પર્શ કરીને કહું છું કે એવું કઠણ કોઈ કામ નથી જે હું ક્ષત્રિયનો પુત્ર ન કરી શકું.' એ સાંભળીને મેં મંદ હસીને કહ્યું, 'હે રાજન, ત્યારે સાંભળો. હું યજ્ઞની તૈયારી કરું છું, તમે પોતાના સંતાનની આહુતિ આપીને હોમ કરો. તેના મેદના ગંધને સૂંઘવાથી મહારાણીઓ શતપુત્રવતી થશે, હું તમને નિશ્ચયપૂર્વક કહું છું.' એ સાંભળીને રાજા મૂંગા મૂંગા નીચું જોઈને ઊભા રહ્યા. સભામાંના બધા લોકો ભારે કોલાહલ મચાવીને ધિક્કાર દેવા લાગ્યા. બધા બ્રાહ્મણો કાને હાથ દઈને કહેવા લાગ્યા કે આ પાપી સૂચનાને ધિક્કાર હજો. પછી રાજા ધીર સ્વરે બોલ્યા, 'પ્રભુ, ભલે તેમ. ક્ષત્રિયની પ્રતિજ્ઞા કદી મિથ્યા નહિ જાય.' પછી સ્ત્રીઓના આર્ત વિલાપથી ચારે દિશાઓ રડી ઊઠી, પ્રજાજનો ધિક્ ધિક્ કરવા લાગ્યા, અને ઘૃણાના માર્યા બધા સૈનિકો બળવો જગાવવા તૈયાર થઈ ગયા. કેવળ રાજા અટલ રહ્યા. યજ્ઞનો અગ્નિ પ્રગટ્યો. આહુતિ વખતે કોઈ નહોતું, રાજાના કુંવરને અંતઃ-પુરમાંથી કોણ ઉપાડી લાવે? રાજાના નોકરોએ કોઈએ આજ્ઞા માની નહિ. મંત્રીઓ બધા મૂંગા રહ્યા. દ્વાર-પાળો આંસુ લૂછવા લાગ્યા. બધા સૈનિકો હથિયાર ફેંકી દઈને ચાલ્યા ગયા. મારા તો બધા મોહપાશ તૂટી ગયેલા હતા, હું તો સર્વ શાસ્ત્રોનો જાણકાર હતો, હૃદયનાં બધાં બંધનોને મિથ્યા માનતો હતો, એટલે મેં અંતઃપુરમાં પ્રવેશ કર્યો. માતાઓએ વિહ્વલ ઉત્કંઠાપૂર્વક બાળકને અતિશય જતનપૂર્વક ઘેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યો હતો—સેંકડો શાખાઓના અંતરાળમાં જાણે ફૂલ. બાળક મને જોઈને બે હાથ ઉછાળીને મોટેથી હસવા લાગ્યો, કેમ જાણે અર્ધસ્ફુટ કાકલી દ્વારા એમ ન કહેતો હોય કે આ માતૃવ્યૂહ ભેદ કરીને મને લઈ જાઓ. લાંબા વખતથી ઘેરાઈ રહેવાને કારણે તેનું શિશુહૃદય રમવા માટે અધીરું થઈ ગયું હતું. મેં હસીને કહ્યું, 'આ ગાઢ સ્નેહબંધનનો નાશ કરીને હું તને મુક્તિ આપીશ, ચાલ મારી સાથે.' એમ કહીને મેં બળપૂર્વક માતાઓના ખોળામાંથી હસતા બાળકને ઝૂંટવી લીધો. પગે પડીને રાણીઓ મારો રસ્તો રોકીને રડવા લાગી. હું વેગથી ચાલ્યો આવ્યો.

વહ્નિ ભડભડી ઊઠે છે, રાજા પાષાણના પૂતળાની પેઠે ઊભા છે. કંપતી પ્રદીપ્ત શિખા જોઈને બાળક હર્ષમાં આવીને કલહાસ્ય કરતો નાચતો નાચતો હાથ લંબાવીને ઝંપલાવવા જાય છે. અંતઃપુરમાં સેંકડો કંઠોમાંથી આર્તનાદ જાગે છે. રાજમાર્ગ ઉપર થઈને અભિશાપ વર્ષાવતા વર્ષાવતા વિપ્રો નગર છોડીને ચાલ્યા જાય છે. મેં કહ્યું, 'હે રાજન, હું મંત્રપાઠ કરું છું, તમે આને લો, અગ્નિદેવને અર્પણ કરો.'

સોમક

બસ કરો, બસ કરો, હવે આગળ ન કહેશો.

પ્રેતગણ

બસ કર, બસ કર, ધિક્, ધિક્, અમે અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપોથી ભરેલા છીએ, પણ હે ઋત્વિક, તારા એકલા માટે વિધિએ કેમ એક નરક ન બનાવ્યું ? આખા યમલોકમાં શોધી વળતાં તારા સહવાસને યોગ્ય કોઈ પાપી મળે એમ નથી.

દેવદૂત

મહારાજ, આ નરકમાં ક્ષણ પણ ગાળીને શું કરવા વગર પાપે પાપીની યંત્રણા ભોગવો છો ? બેસી જાઓ સ્વર્ગરથમાં, એ દારુણ ઘટનાની વૃથા ચર્ચા રહેવા દો.

સોમક

દેવદૂત, તું રથ લઈ જા. મારે વૈકુંઠધામ નથી જવું. હે બ્રાહ્મણ, તારી સાથે મારું પણ નરકમાં જ સ્થાન છે. ક્ષાત્ર અહંકારથી ઉન્મત્ત બનીને પોતાની કર્તવ્યની ત્રુટિને ધોઈ નાખવા ખાતર પિતા થઈને મેં મારા નિષ્પાપ બાળકને હુતાશનમાં હોમી દીધો. નિંદુક સમાજમાં પોતાની વીરતા જાહેર કરવા માટે માનવધર્મ, રાજધર્મ અને પિતૃધર્મને, હાય, મેં અગ્નિમાં ભસ્મ કરી નાખ્યા. તે પાપની જ્વાળામાં હું મરતાં સુધી બળતો રહ્યો છું, હજી પણ તે તાપ અંતરમાં સદા અભિશાપના ડામ દીધા કરે છે. હા પુત્ર, હા નવનીત-નિર્મલ વત્સ, હા કરુણ કોમલ કાંત, માતૃ-વત્સલ, શિશુ, અત્યંત અસહાય, પરમ દુર્બળ, સરળ, ચંચળ અને પિતૃ-અભિમાની એવા તેં અગ્નિને રમકડા સમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાનું દાન સમજીને વિશ્વાસ અને નિર્ભયતાપૂર્વક બે હાથ લંબાવીને પકડી લીધો. ત્યાર પછી વ્યથાપૂર્ણ વિસ્મયથી તારી ગભરુ આંખોમાં વહ્નિ શિખા હેઠળથી એકાએક કેવી ભર્ત્સના ઝબકી ઊઠી. હે નરક, તારા અગ્નિમાં એવો દાહ ક્યાં છે જે આ સંતાપને જીતી શકે ? શું હું પણ સ્વર્ગદ્વારમાં જઈશ ? દેવતા ભલે મારું આ પાપ ભૂલી જાય, પણ હું તેની તે દૃષ્ટિ, તેનું તે અંતિમ અભિમાન ભૂલી શકું ખરો ? હું સદા રાતદિવસ નરકના અગ્નિમાં બળ્યા કરીશ તો યે હે વત્સ, તારી તે નિમેષની વ્યથાનો, અચાનક વિહ્નિદાહ લાગતાં પિતાના મુખ સામે જોઇને વ્યક્ત કરેલી ભયપૂર્ણ કાતરતાનો, પરમ વિશ્વાસ ક્ષણમાં તૂટી જતાં ઊપજેલી મહાન નિરાશાનો બદલો વાળી શકાવાનો નથી.

(ધર્મનો પ્રવેશ)

ધર્મ

મહારાજ, સ્વર્ગ આજ તમારી રાહ જોઈ રહ્યું છે. જલદી ચાલો.

સોમક

ધર્મરાજ, ત્યાં મારું સ્થાન નથી. મેં પોતાના સંતાનનો વિના પાપે વધ કર્યો છે.

ધર્મ

તેનું પ્રાયશ્ચિત્ત તમે અંતરનરકાગ્નિદ્વારા કર્યું છે. તે પાપનો ભાર બળીને ભસ્મ થઇને નાશ પામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો છે. જે બ્રાહ્મણે ચિત્ત-પરિતાપ વગર પારકાના પુત્રરૂપી ધનનો સ્નેહપાશમાંથી ઝૂંટવી લઈને શાસ્ત્ર-જ્ઞાનના અભિમાનપૂર્વક નાશ કર્યો છે, તે અહીં રહે એ યોગ્ય છે.

ઋત્વિક

જશો નહિ, મહારાજ, તમે ચાલ્યા જશો નહિ. સાપની ફેણુ જેવા તીવ્ર ઈર્ષ્યાનલમાં મને નાખી મૂકીને એકલા અમરલોકમાં ચાલ્યા ન જશો, ન જશો. વેદનામાં નવી તીવ્ર દુર્વિષહ વેદના ઉમેરશો નહિ, બીજું નરક રચશો નહિ. રહી જાઓ, રહી જાઓ, મહારાજ, અહીં રહી જાઓ.

સોમક

હે દુર્ભાગી, હું તારી સાથે રહીશ. તું અને હું મળીને રાતદિવસ દારુણ હોમ કરીશું, વિરાટ નરકાગ્નિમાં સુદીર્ઘ યજ્ઞ કરીશું. ભગવાન, જેટલો સમય ઋત્વિકે પાપનાં ફળ ભોગવવાનાં છે તેટલો સમય તેની સાથે મને પણ જોડી દો. નરકમાં સહવાસની અનુમતિ આપો.

ધર્મ

હે મહીપતિ, મહાન ગૌરવપૂર્વક અહીં રહો. દુ:સહ દાહ તમારા ભાલનું તિલક બનો, નરકાગ્નિ તમારું સ્વર્ગ-સિંહાસન બનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેતગણુ

જય, જય, પુણ્યફળત્યાગી, નિષ્પાપ નરકવાસી મહારાજનો જય હો. હે મહા વૈરાગી, તમારા સહવાસથી પાપીના અંતરમાં ગૌરવનો સંચાર કરો. નરકનો ઉદ્ધાર કરો. મહા શત્રુની સાથે પ્રિયતમ મિત્રની પેઠે એક દુઃખાસન ઉપર દીર્ઘ યુગ સુધી આવીને બેસો, વેદનાના અતિ ઉચ્ચ જ્વાળામુખીના શિખર ઉપર જ્વલંત મેઘની સાથે દીપ્ત સૂર્યના જેવી તમારી યુગલ મૂર્તિ સદા અનિર્વાણ જ્યોતિથી ઝળકતી દેખાયા કરશે.

(૭ મી અગ્રહાયણ, ૧૩૦૪.)

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

કર્ણ—કુંતી સંવાદ

કર્ણ

પુણ્ય જાહ્નવીને તીરે સંધ્યાસૂર્યની વંદના કરી રહ્યો છું. રાધાને પેટે જન્મેલો અધિરથ સૂતનો પુત્ર કર્ણ તે હું જ. કહો માતા, તમે કોણ છો?

કુંતી

બેટા, તારા જીવનના પ્રથમ પ્રભાતે વિશ્વ સાથે તારો પરિચય કરાવ્યો હતો તે જ હું બધી લજ્જા છોડીને આજે તને મારો પરિચય આપવા આવી છું.

કર્ણ

દેવી, તમારાં નમેલાં નેત્રોનાં કિરણો પડવાને લીધે સૂર્યકિરણના આઘાતથી પહાડના બરફની પેઠે મારું હૈયું પીગળી જાય છે. તમારો કંઠસ્વર જાણે પૂર્વ જન્મમાંથી કાન પર આવીને કોઈ અપૂર્વ સંવેદના જગાડે છે. હે અપરિચિતા, મારો જન્મ તમારી સાથે ક્યા રહસ્યના દોરથી બંધાયેલો છે તે મને કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતી

બેટા, ઘડી ધીરજ ધર. પહેલાં સૂર્યદેવને અસ્ત પામવા દે. સંધ્યાનો અંધકાર ગાઢો થવા દે, પછી તને કહું. હું કુંતી છું.

કર્ણ

તમે જ કે કુંતી? તમે જ અર્જુનનાં માતા?

કુંતી

હું જ અર્જુનની માતા. પણ એ મનમાં આણીને બેટા, તું દ્વેષ ન રાખીશ. આજે પણ મને હસ્તિનાપુરમાંનો અસ્ત્રપરીક્ષાનો દિવસ યાદ આવે છે. નક્ષત્રજડિત પૂર્વ દિશાને છેવાડે નવા ઊગેલા અરુણની પેઠે તેં કુમારરૂપે ધીમે ધીમે રંગભૂમિ ઉપર પ્રવેશ કર્યો હતો. પડદા પાછળ જે સ્ત્રીઓ હતી તેમાં એવી અભાગણી કોણ મૂંગી મૂંગી બેઠી હતી કે જેના જર્જરિત હૈયામાં અતૃપ્ત સ્નેહક્ષુધાની સેંકડો નાગણો જાગતી હતી? જેની આંખોએ તારાં સર્વ અંગોને આશિષનાં ચુંબન દીધાં હતાં તે કોણ હતી? અર્જુનની જ જનની. જ્યારે કૃપે આવી હસીને તને પિતાનું નામ પૂછ્યું અને કહ્યું, " રાજકુલમાં જે જન્મ્યો નથી તેને અર્જુન સાથે યુદ્ધ કરવાનો અધિકાર નથી," ત્યારે તારું મોં લાલ થઈ ગયું, નમી પડ્યું, અને તું મૂંગો થઈ ને ઊભો રહ્યો. એ તારી લજ્જાની આભાએ અગ્નિ જેવા તેજથી જેના અંતરને દઝાડ્યું હતું તે અભાગિની કોણ હતી? અર્જુનની જ જનની. પુત્ર દુર્યોધનને ધન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેણે તે જ ક્ષણે તારો અંગરાજ-પદે અભિષેક કર્યો. ધન્ય છે તેને. એ અભિષેકની સાથે મારી આંખમાંથી અશ્રુની ધારા તારે શિરે વરસવા ઊભરાઈ આવી. એવામાં આનંદ-વિહ્વલ સૂત અધિરથ રસ્તો કરતા કરતા રંગભૂમિ ઉપર આવ્યા. તરત જ તે રાજાના પોશાક સાથે, ચારે બાજુએથી કુતૂહલપૂર્વક જોઈ રહેલી મેદનીની વચ્ચે 'પિતા' એવું સંબોધન કરીને તારું અભિષેક-ભીનું માથું ચરણે ઢાળી તેં સૂત વૃદ્ધને પ્રણામ કર્યા. પાંડવોના મિત્રોએ ક્રૂર હાસ્ય કરી ધિક્કાર કર્યો, તે ક્ષણે હે વીરશિરોમણિ, પરમ ગર્વપૂર્વક વીર કહીને જેણે તને આશીર્વાદ આપ્યા હતા તે જ હું અર્જુનની માતા છું.

કર્ણ

આર્યે, તમને પ્રણામ કરું છું. તમે રાજમાતા છો, અહીં એકલાં કેમ? આ તો રણભૂમિ છે. હું કૌરવોનો સેનાપતિ છું.

કુંતી

પુત્ર, મારે એક ભિક્ષા માગવાની છે, પાછી ન ઠેલતો.

કર્ણ

ભિક્ષા? અને તે મારી પાસે? મારું પૌરુષ અને મારો ધર્મ, એ સિવાય જે કહેશો તે તમારે ચરણે ધરી દઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતી

હું તો તને લેવા આવી છું.

કર્ણ

ક્યાં લઈ જશો મને ?

કુંતી

મારી તરસી છાતીમાં, માતાના ખોળામાં.

કર્ણ

હે ભાગ્યવતી, તમે પાંચ પાંચ પુત્રે ધન્ય થયાં છો. હું તો કુલશીલ વગરનો ક્ષુદ્ર રાજા છું, મને ક્યાં સ્થાન આપશો ?

કુંતી

સૌથી ઊંચે, મારા બધા પુત્રો કરતાં પહેલો હું તને બેસાડીશ. તું જ્યેષ્ઠ પુત્ર છે.

કર્ણ

ક્યા અધિકારના ગુમાનથી હું ત્યાં આવું ? જેઓ સામ્રાજ્ય – સંપત્તિથી વંચિત થયા છે, તેમના માતૃસ્નેહરૂપી ધનમાં મારે શી રીતે ભાગ પડાવવો, મને કહો ? માતાનું હૃદય કંઈ જુગટામાં મુકાતું નથી, બાહુબળથી જિતાતું નથી, એ તો વિધાતાનું દાન છે.

કુંતી

બેટા મારા, એક વાર તું વિધાતાનો દીધો અધિકાર લઈને જ આ ખોળામાં આવ્યો હતો, તે જ અધિકારપૂર્વક ગૌરવ સાથે તું પાછો આવ, કશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વિચાર કર્યા વગર ચાલ્યો આવ, બધા ભાઈઓની વચમાં, મારા આ માતાના ખોળામાં તારું પોતાનું સ્થાન લઈ લે.

કર્ણ

હે દેવી. તમારી વાણી જાણે સ્વપ્નમાં સાંભળતો હોઉં એમ લાગે છે. જુઓ, ચોમેર અંધકાર વ્યાપી ગયો છે, બધી દિશાઓ દેખાતી બંધ થઈ ગઈ છે, ભાગીરથી શબ્દહીન છે. તમે મને કયા માયાઘેર્યા લોકમાં, વિસ્મૃત ઘરમાં, ચેતનાના પરોઢમાં લઈ ગયાં છો ? તમારી વાણી પુરાતન સત્યની પેઠે મારા મુગ્ધ ચિત્તને સ્પર્શે છે. જાણે મારો અસ્ફુટ શૈશવકાળ ન આવ્યો હોય, જાણે મારી જનનીના ગર્ભનો અંધકાર મને આજે ઘેરી ન લેતો હોય, એવું લાગે છે. હે રાજમાતા, સાચું હોય કે સ્વપ્ન હોય, પણ હે સ્નેહમયી આવો, તમારો જમણો હાથ ક્ષણભર મારે લલાટે અને ચિબુકે લગાડો. મેં લોકમુખે સાંભળ્યું છે કે મને મારી માતાએ ત્યજી દીધો હતો. કેટલી ય વાર મધરાતે સ્વપ્નમાં મેં જોયું છે કે જાણે મારી માતા મને મળવાને ધીરે ધીરે આવે છે, હું અત્યંત લાગણીપૂર્વક રડીને તેમને કહું છું કે હે જનની, ઘૂમટો ખોલી નાખો, જેથી હું તમારું મુખ જોવા પામું. પણ તે જ ઘડીએ તૃષાર્ત ઉત્સુક સ્વપ્નને છિન્ન ભિન્ન કરી નાખીને તે મૂર્તિ અલોપ થઈ જાય છે. તે જ સ્વપ્ન શું આજે સંધ્યા સમયે, રણક્ષેત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર, ભાગીરથીને તીરે પાંડવ–જનનીનું રૂપ ધરીને આવ્યું છે કે શું ? દેવી, જુઓ, સામે કાંઠે પાંડવોની છાવણીમાં દીવા પ્રગટ્યા છે; આ કાંઠે નજીકમાં જ કૌરવોની અશ્વશાળામાં લાખ લાખ ઘોડાની ખરીઓના કઠોર શબ્દો ગાજી રહ્યા છે. કાલે સવારે મહાયુદ્ધ શરૂ થશે. આજે રાતે અર્જુન – જનનીના કંઠથી મારી માતાનો સ્નેહભર્યો સ્વર મેં શાને સાંભળ્યો ? મારું નામ તેમને મુખે કેમ આટલા મધુર સંગીતથી ગુંજી ઊઠ્યું ? મારું ચિત્ત એકાએક પાંચ પાંડવો પ્રત્યે ભાઈ ભાઈ કરતું દોડી જાય છે.

કુંતી

તો ચાલ્યો આવ, બેટા, ચાલ્યો આવ.

કર્ણ

આવીશ, માતા, ચાલ્યો આવીશ. નહિ કશું પૂછું, નહિ કશી શંકા આણું કે નહિ કશી ચિંતા સેવું. દેવી, તમે મારી મા છો. તમારા આહ્‌વાનથી મારો અંતરાત્મા જાગી ગયો છે. હવે મારે કાને યુદ્ધભેરી કે જયશંખ સંભળાતાં નથી. યુદ્ધ – હિંસા, વીર-ખ્યાતિ, જયપરાજય મિથ્યા લાગે છે. ક્યાં જઈશું ? મને લઈ જાઓ.

કુંતી

પેલે કાંઠે જ્યાં ભૂખરી રેતીના પટમાં શાંત રાવટીઓમાં દીવા ટમટમી રહ્યા છે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણ

ત્યાં માવિહોણાને સદા મા મળી રહેશે ? ત્યાં તમારાં સુંદર ઉદાર નેત્રોમાં રાત દિવસ ધ્રુવતારક જાગતો રહેશે ? દેવી, ફરી વાર કહો કે હું તમારો પુત્ર છું.

કુંતી

બેટા મારા.

કર્ણ

તો શા માટે તમે મને અનાત્મીય, અજ્ઞાત અને માતૃનેત્રહીન સંસારમાં કુલશીલમાન વગર અગૌરવમાં ફેંકી દીધો હતો ? શા માટે મને હમેશને માટે અવજ્ઞાના સ્રોતમાં વહેતો મૂકી દીધો હતો ? તમે મને અને અર્જુનને વિખૂટા રાખ્યા તેથી નાનપણથી કોઈ એક નિગૂઢ અદૃશ્ય ફાંસો ઈર્ષ્યાના રૂપમાં દુર્નિવાર આકર્ષણથી અમને બંનેને ખેંચ્યા કરે છે. કેમ જવાબ નથી દેતાં ? તમારી લજ્જા અંધકારના થરને ભેદીને મારાં સર્વ અંગોને નીરવ સ્પર્શ કરે છે, મારી આંખોને ઢાંકી દે છે. તો જવા દો, જવા દો, તમે મને શા માટે ત્યજી દીધો હતો તે ન કહેશો. માતૃસ્નેહ એ સંસારમાં વિધિનું પહેલું દાન ગણાય છે. તે દેવદીધું ધન પોતાના સંતાન પાસેથી તમે કેમ ખૂંચવી લીધું હતું તે વાતનો જવાબ ભલે ન આપશો. પણ મને કહો તો ખરાં કે આજે કેમ તમે મને પાછો ગોદમાં લેવા આવ્યાં છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંતી

હે વત્સ, તારી આ ભર્ત્સના સેંકડો વજ્રોની પેઠે મારા આ હૃદયના સેંકડો ટુકડા કરી નાખો. મેં તારો ત્યાગ કર્યો હતો તેના શાપથી તો પાંચ પાંચ પુત્રો છાતીએ હોવા છતાં મારું ચિત્ત સદા પુત્રહીણું રહ્યું છે, મારા હાથ આખા વિશ્વમાં તને શોધતા ફરે છે. જે પુત્રને મેં વંચિત રાખ્યો હતો તેને માટે મારું ચિત્ત દીપ્તિમય દીપક પેટાવીને પોતાને બાળી બાળીને વિશ્વદેવતાની આરતી ઉતારી રહ્યું છે. આજે હું ભાગ્યવતી છું કે તને જોવા પામી. જ્યારે તારા મુખમાં વાચા પણ નહોતી ફૂટી ત્યારે મેં ભારે અપરાધ કર્યો હતો. હે વત્સ, તે તારા મુખથી, તું આ કુમાતાને ક્ષમા કર. એ ક્ષમા, મારા અંતરમાં ભર્ત્સના કરતાં પણ વધુ તેજથી અગ્નિ સળગાવો અને મારાં પાપને બાળી નાખીને મને નિર્મળ બનાવો.

કર્ણ

માતા, ચરણરજ આપો, મને ચરણરજ આપો. મારાં અશ્રુ લો.

કુંતી

તને મારી છાતી સરસો લેવાના સુખની આશાએ હું તારે આંગણે નથી આવી. તને તારા અધિકારને સ્થાને પાછો લઈ જવા આવી છું. તું સૂતપુત્ર નથી. રાજાનો પુત્ર છે. હે વત્સ, બધાં અપમાનોને દૂર કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈને જ્યાં તારા પાંચ ભાઈઓ છે ત્યાં ચાલ્યો આવ.

કર્ણ

માતા, હું સૂતપુત્ર છું, રાધા મારી માતા છે, એના કરતાં અધિક ગૌરવ મારે કશું નથી. પાંડવ ભલે પાંડવ રહેતા. કૌરવ ભલે કૌરવ રહેતા. મને કોઈની ઈર્ષ્યા નથી.

કુંતી

હે વત્સ, તારું રાજ્ય પોતાના બાહુબળથી પાછું જીતી લે. યુધિષ્ઠિર શુભ્ર ચામર ઢાળશે, ભીમ છત્ર ધરશે, વીર ધનંજય તારા રથનો સારથિ બનશે, પુરોહિત ધૌમ્ય વેદમંત્રો ઉચ્ચારશે. શત્રુઓને જીતીને ભાઈઓની સાથે નિઃસપત્ન રાજ્યમાં અખંડ પ્રતાપપૂર્વક તું રત્નસિંહાસન ઉપર વિરાજમાન રહેશે.

કર્ણ

સિંહાસન ? જેણે માતૃ – સ્નેહ – પાશને પાછો કાઢ્યો તેને, માતા, તમે રાજ્યનો લોભ બતાવો છો ? તમે એક દિવસ એને જે સંપદથી વંચિત કર્યો હતો તે તેને પાછી આપવી તમારી શક્તિ બહારની વાત છે. મારી માતા, મારા ભાઈઓ, મારું કુળ, એ બધાંને હે માતા, તમે મારી જન્મક્ષણે એક પળમાં નિર્મૂળ બનાવી દીધાં હતાં. સૂતજનનીને છેહ દઈને આજે જો હું રાજજનનીને માતા કહું, કૌરવપતિ જોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જે બંધનથી બંધાયેલો છું તેને તોડી નાખીને જો હું સિંહાસન ઉપર દોડી જાઉં તો મને ધિક્કાર છે.

કુંતી

પુત્ર, તું વીર છે; ધન્ય છે તને ! હાય ધર્મ, આ તે તારો કેવો કઠોર દંડ ! તે દિવસે કોને ખબર હતી કે જે ક્ષુદ્ર શિશુને મેં અસહાય અવસ્થામાં છોડી દીધો હતો, તે ક્યારે કોણ જાણે બળ અને વીર્ય પ્રાપ્ત કરીને કોણ જાણે ક્યાંથી અંધારે માર્ગે થઈ ને પાછો આવશે અને પોતાની માતાના પેટના સંતાનોને પોતાને ક્રૂર હાથે અસ્ત્ર લઈને મારશે ! આ તે કેવો અભિશાપ!

કર્ણ

માતા, ભય પામશો નહિ. હું તમને કહું છું કે પાંડવોનો વિજય થશે. આજે આ રાત્રિના અંધકાર પટ ઉપર નક્ષત્રના પ્રકાશમાં મેં યુદ્ધનું ઘોર પરિણામ પ્રત્યક્ષ વાંચી લીધું છે. આ શાંત સ્તબ્ધ ક્ષણે અનંત આકાશમાંથી મારા અંતરમાં અંતિમ શ્રદ્ધા જેની ક્ષીણ થઈ ગઈ છે અને જે વ્યર્થતામાં ડૂબી ગયેલ છે એવા જયહીન પુરુષાર્થનું સંગીત પ્રવેશ કરી રહ્યું છે. આશાહીન કર્મનો અમે ઉદ્યમ માંડી બેઠા છીએ, અને મને આ બધાનું પરિણામ શાંતિમય શૂન્ય દેખાય છે. જે પક્ષનો પરાજય થવાનો છે તે પક્ષને છોડી દેવાની મને હાકલ કરશો નહિ. પાંડવ સંતાનો ભલે વિજયી થતા, રાજા થતા. હું તો નિષ્ફળ અને હતાશના પક્ષમાં જ રહીશ.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જન્મની રાત્રે તમે મને ધરતી ઉપર નામ અને ઘર વગરનો નાખી ગયાં હતાં, તે જ પ્રમાણે આજે પણ હે માતા, મને નિર્મમતાપૂર્વક દીપ્તિ-અને-કીર્તિ-હીન પરાભવમાં છોડી દ્યો. માત્ર મને એટલો આશીર્વાદ આપતાં જાઓ કે જય, યશ કે રાજ્યના લોભમાં પડીને હું વીરની સદ્‌ગતિથી ભ્રષ્ટ ન થાઉં.

૧૫ મી ફાલ્ગુન, ૧૩૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેરે ઘેરે પુસ્તકાલય!

૧ ગૃહિણી ગ્રંથમાળા

નીચેનાં ચાર પુસ્તકોનો પહેલો સેટ : પાંચ રૂપિયા

૧ સીતા વનવાસ [ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર કૃત]
૨ શકુંતલા [,,]
૩ ભારતની વીરાંગનાઓ [રા. ના. પાઠક કૃત]
૪ હૈમન્તી [રવીન્દ્રનાથ ટાગોર કૃત]

૨ કિશોર ગ્રંથમાળા

નીચેનાં ચાર પુસ્તકોનો પહેલો સેટ : પાંચ રૂપિયા

૧ મહારાજ થયા પહેલાં [બબલભાઈ મહેતા કૃત]
શ્રી રવિશંકર મહારાજની પ્રમાણભૂત જીવનકથા, કાકા કાલેલકર તથા મહારાજની પોતાની પ્રસ્તાવના સાથે.
૨ રાજકાહિની [અવનીન્દ્રનાથ ટાગોર કૃત]
૩ સાત ચરિત્રો [નગીનદાસ પારેખ કૃત]
૪ સતી [રવીન્દ્રનાથ ઠાકુર કૃત]

૩ શિશુભારતી ગ્રંથમાળા

છ ચોપડીઓના દરેક સેટની કિંમત : પાંચ રૂપિયા
દરેકમાં લગભગ ચારસો પાનાં : સવા બસો જેટલાં ચિત્રો !

પહેલો સેટ	બીજો સેટ
૧ ગલબા શિયાળનાં પરાક્રમો ભા. ૧	૧ છબીલી બિલ્લી
૨ ગલબા શિયાળનાં પરાક્રમો ભા. ૨	૨ ભામટા બાપા
૩ ગલબા શિયાળનાં પરાક્રમો ભા. ૩	૩ ભાચરિયાલાલ
૪ ગલબા શિયાળનાં પરાક્રમો ભા. ૪	૪ લાડુની જાત્રા
૫ ગલબાની દૂર રે.........	૫ બાબો બકરો
૬ બડેકાનની બહાદુરી	૬ બૂચલો ગધેડો

કમલ પ્રકાશન મંદિર

વિનોદવિલા (પાછળ) • કોચરબનો પહેલો ઢાળ • એલિસબ્રિજ • અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar